॥ જય સિધ્ધનાથ ॥ ॥ જય સતવારા ॥

દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.

www.satvaramahamandal.org, Email : darpan@satvaramahamandal.org

શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા પ્રકાશિત માસિક

# સતવારા દર્પણ



એપ્રીલ : ૨૦૨૬ વર્ષ - ૩૧ અંક : ૪ સળંગ અંક : ૪૨૭

પ્રમુખશ્રી
રાજેશભાઈ કે. મકવાણા
મો. ૯૪૨૬૩ ૯૪૯૯૯

સતવારા દર્પણ તંત્રીશ્રી
રમણલાલ સી. મકવાણા
મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

મહામંત્રીશ્રી
ગીરીશભાઈ એસ. લકુમ
મો. ૯૮૭૯૩ ૫૯૧૧૩

પંચવર્ષિય રૂા. ૫૦૦ આજીવન રૂા. ૨૦૦૦ છુટક નકલ ૧ નંગના રૂા. ૧૦

# Ozat

## Theme Park & Resort



**સતવારા સમાજ માટે ગૌરવ સમાન રિસોર્ટ**
**વોટર પાર્ક તેમજ એડવેન્ચર પાર્ક**

જ્ઞાતિબંધુઓ માટે ખાસ વાર-તહેવાર રજા
તેમજ વેકેશન માણવા માટે સાસણ-ગીરના દ્વાર
સમાન જુનાગઢ-મેંદરડા રોડ પર ઓઝત નદીના
કિનારે અને ગિરનાર પર્વતની ટેકરીઓ સામે...
જ્ઞાતિની શાળાઓ, કોલેજ, ટ્યુશન કલાસીસ
ધરાવતા શિક્ષણવિદો માટે પિકનીકનું સ્થળ...

**મેરેજ ફંકશન તથા પ્રિ-વેડીંગ શુટ માટે વિશાળ જગ્યાની સુવિધા...**

Anandpur Dam, Mendarda Highway, Junagadh
**Park +91 97252 10510 M. +91 97243 62243**

# શ્રી સમસ્ત સતવારા મહામંડળના હોદ્દેદારશ્રીઓ

| ક્રમ | નામ | હોદ્દો | ગામ | મોબાઇલ નંબર |
|---|---|---|---|---|
| ૧ | રાજેશભાઈ કાનજીભાઈ મકવાણા | પ્રમુખ | ધંધુકા | ૯૪૨૬૩ ૯૪૯૯૯ |
| ૨ | ગીરીશભાઈ એસ. લકુમ | મહામંત્રી | હળવદ | ૯૮૭૯૩ ૫૯૧૧૩ |
| ૩ | ડી.એલ.પરમાર | ઉપ પ્રમુખ | દ્વારકા, ભાટીયા | ૯૪૨૭૪ ૪૪૭૦૦ |
| ૪ | પ્રભુલાલ આર. નકુમ | ઉપ પ્રમુખ | રાજકોટ | ૯૮૨૫૨ ૧૬૮૦૩ |
| ૫ | ડૉ. જીજ્ઞેશ એમ. હડીયલ | ઉપ પ્રમુખ | બોટાદ | ૯૭૧૪૨ ૭૫૦૨૭ |
| ૬ | કાળુભાઈ ડી. રંઘાડીયા | ઉપ પ્રમુખ | અમદાવાદ | ૯૯૨૫૩ ૬૨૭૬૩ |
| ૭ | કલ્પેશભાઈ હડીયલ | ઉપ પ્રમુખ | જામનગર | ૯૮૨૫૯ ૮૮૮૮૯ |
| ૮ | ભાવેશભાઈકંઝારીયા | ઉપ પ્રમુખ | મોરબી | ૮૦૦૦૦ ૮૮૮૮૦ |
| ૯ | લાલજીભાઈ એમ. સથવારા | ઉપ પ્રમુખ | કચ્છ | ૯૮૭૯૦ ૦૨૯૮૩ |
| ૧૦ | અરજણભાઈ એમ. રાઠોડ | ઉપ પ્રમુખ | હળવદ | ૯૮૭૯૧ ૯૧૨૫૩ |
| ૧૧ | પ્રભુભાઈ એમ. ડાભી | ઉપ પ્રમુખ | જુનાગઢ | ૯૮૭૯૨ ૫૫૯૧૯ |
| ૧૨ | પ્રો. કે.એસ. ચાવડા | ઉપ પ્રમુખ | અંકલેશ્વર | ૮૨૦૦૮ ૭૩૨૯૯ |
| ૧૩ | પ્રકાશભાઈ એલ. કણઝારીયા | ઉપ પ્રમુખ | જામખંભાળીયા | ૯૮૭૯૪ ૯૧૪૩૨ |
| ૧૪ | દલસુખભાઈ ચૌહાણ | મંત્રી | લીંબડી | ૯૮૨૫૭ ૭૬૧૭૮ |
| ૧૫ | રસીકભાઈ પી. સતવારા | મંત્રી | માંડલ | ૯૯૯૮૦ ૪૨૮૭૯ |
| ૧૬ | મહેન્દ્ર એમ. ચાવડા | મંત્રી | થાન | ૯૮૭૯૪ ૯૩૩૦૪ |
| ૧૭ | મેરૂભાઈ કંઝારીયા | મંત્રી | મોરબી | ૯૮૨૫૦ ૯૯૮૦૮ |
| ૧૮ | અમૃતલાલ જી. નકુમ (કાળુભાઈ) | મંત્રી | રાજકોટ | ૯૮૨૪૨ ૩૨૮૬૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | વિઠ્ઠલભાઈ વલ્લભભાઈ સોનગરા | મંત્રી | દ્વારકા | ૯૦૬૫૨ ૧૧૧૧૧ |
| ૨૦ | ભરતભાઈ આર. સોનગરા | મંત્રી | જામનગર | ૭૯૯૦૬ ૦૦૦૮૯ |
| ૨૧ | રમેશભાઈ એલ. ચાવડા-(ખભલાવ) | મંત્રી | બોટાદ | ૯૯૨૪૦ ૧૯૧૪૦ |
| ૨૨ | લાલાભાઈ નારણભાઈ ખાંદળા | મંત્રી | વડોદરા | ૯૪૨૬૩ ૭૪૩૭૭ |
| ૨૩ | અમીતભાઈ જાદવ | મંત્રી | બાવળા | ૮૪૬૦૨ ૦૯૦૦૪ |
| ૨૪ | મુકેશભાઈ કુમાર નાથાલાલ ડાભી | મંત્રી | ગાંધીનગર | ૯૭૨૭૭ ૯૨૬૦૧ |
| ૨૫ | મુકેશભાઈ એમ. સથવારા | મંત્રી | પાટણ | ૯૯૨૫૫ ૫૩૫૫૬ |
| ૨૬ | વિજયભાઈ ખાંદલા | મંત્રી | રાજકોટ | ૮૮૬૬૬ ૪૧૯૦૧ |
| ૨૭ | અલ્પેશભાઈ જે. ચાવડા | સંગઠન મંત્રી | અમદાવાદ | ૯૭૨૫૦ ૦૫૭૫૫ |
| ૨૮ | નીતેશભાઈ કે. મકવાણા | સંગઠન મંત્રી | બોટાદ | ૯૮૯૮૫ ૫૬૯૯૮ |
| ૨૯ | રાજેશભાઈ એસ. સોનગ્રા | સંગઠન મંત્રી | બગસરા | ૯૬૬૪૮ ૯૩૦૨૮ |
| ૩૦ | રાજેશભાઈ બી. ચાવડા | સંગઠન મંત્રી | થાન | ૯૮૨૫૭ ૯૮૧૦૦ |
| ૩૧ | પંકજકુમાર કે. પરમાર | ખજાનચી | અમદાવાદ | ૯૯૯૮૪ ૪૯૬૮૮ |
| ૩૨ | રમણભાઈ સી. મકવાણા | તંત્રી | અમદાવાદ | ૯૮૨૪૭ ૮૮૨૦૧ |
| ૩૩ | શંકરભાઈ પી. કણઝરીયા | સહતંત્રી | સુરેન્દ્રનગર | ૮૦૦૦૩ ૩૧૪૧૧ |
| ૩૪ | અંબાલાલ એલ. સતવારા | ઈન્ટરનલ ઓડિટર | અમદાવાદ | ૯૯૯૮૦ ૫૯૮૬૦ |
| ૩૫ | હીતેશભાઈ પી. જાદવ | યુવામોરચો પ્રમુખ | અમદાવાદ | ૯૯૨૪૯ ૩૪૨૪૬ |
| ૩૬ | અમીતભાઈ સોનગરા | યુવામોરચો મહામંત્રી | જામનગર | ૯૯૭૯૨ ૭૫૭૯૧ |
| ૩૭ | સતીષભાઈ ઘનશ્યામભાઈ તારબુંદીયા | યુવામોરચો મહામંત્રી | હળવદ (ધનાળા) | ૯૯૦૪૨ ૦૩૯૩૮ |
| ૩૮ | નીતાબેન જયેશભાઈ રાઠોડ | મહિલા મોરચો પ્રમુખ | અમદાવાદ | ૯૪૨૬૫ ૮૪૪૭૭ |

# શ્રી સમસ્ત સતવારા મહામંડળના સમગ્ર ગુજરાતમાંથી હોદ્દેદારોની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

તા. ૨૨-૦૩-૨૦૨૬ના રોજ શ્રી સમસ્ત સતવારા મહામંડળના સમગ્ર ગુજરાતમાંથી આવેલ હોદ્દેદારોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

ગુજરાતભરમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે સતવારા સમાજનું સંગઠન વધુ સશક્ત અને સક્રિય બને તેમજ સમાજની દરેક વર્ગ સુધી પહોંચી અસરકારક કાર્ય થઈ શકે તે હેતુસર, તમામ સ્તરે કાર્યરત સતવારા સમાજના સંગઠનોને મહામંડળ સાથે જોડાવા માટે એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી.

આ સાથે, દરેક જિલ્લાના હોદ્દેદારોને તેમના વિસ્તારમાં કાર્યરત મંડળો, સંસ્થાઓ અને સંગઠનોનો સંપર્ક કરીને મહામંડળ સાથે જોડાણ મજબૂત બનાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. તેમજ તમામ જિલ્લાઓમાં પ્રભારીની નિમણૂંક કરીને સંગઠનને વધુ મજબૂત બનાવવાના દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે.

આગામી ત્રણ માસમાં મુખ્ય જિલ્લાઓમાં, જ્યાં સમાજની નોંધપાત્ર વસ્તી છે, ત્યાં મહાસંમેલન યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તે માટેની જવાબદારીઓ પણ સોંપવામાં આવી છે.

સમાજના યુવાનોને મહામંડળ સાથે જોડવા અને જાગૃતિ લાવવા માટે મહા યુવા સંમેલન યોજવાનો પણ સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવ્યો છે. સમાજના યુવાનોને માર્ગદર્શન, પ્રેરણા અને તકો પ્રાપ્ત થાય તે માટે સતત જોડાણ અને માર્ગદર્શન આપવાનું કાર્ય વધુ મજબૂત બનાવવામાં આવશે.


## જીલ્લા પ્રભારીની યાદી

| ક્રમ | ગામ | નામ | ગામ | મોબાઇલ નંબર |
|---|---|---|---|---|
| ૧ | દેવભૂમિ દ્વારકા | કલ્પેશભાઈ હડીયલ | જામનગર | ૯૮૨૫૯ ૮૮૮૮૯ |
| | | વિજયભાઈ ખાંદલા | રાજકોટ | ૮૮૬૬૬ ૪૧૯૦૧ |
| ૨ | જામનગર | વિઠ્ઠલભાઈ વલ્લભભાઈ સોનગરા | ભાટીયા, દ્વારકા | ૯૦૬૫૨ ૧૧૧૧૧ |
| | | ભાવેશભાઈ કંઝારીયા | મોરબી | ૮૦૦૦૦ ૮૮૮૮૦ |
| | | મેરૂભાઈ કંઝારીયા | મોરબી | ૯૮૨૫૦ ૯૯૮૦૮ |
| ૩ | રાજકોટ | ભાવેશભાઈ કણઝરીયા | મોરબી | ૮૦૦૦૦ ૮૮૮૮૦ |
| | | રાજેશભાઈ એસ. સોનગ્રા | બગસરા | ૯૬૬૪૮ ૯૩૦૨૮ |
| | | અમીતભાઈ જાદવ | બાવળા | ૮૪૬૦૨ ૦૯૦૦૪ |
| ૪ | મોરબી | ડી.એલ. પરમાર | ભાટીયા | ૯૪૨૭૪ ૪૪૭૦૦ |
| | | લાલજીભાઈ એમ. સથવારા | બુઢારમોર | ૯૮૭૯૦ ૦૨૯૮૩ |
| | | અલ્પેશભાઈ જે. ચાવડા | અમદાવાદ | ૯૭૨૫૦ ૦૫૭૫૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | સુરેન્દ્રનગર | રમેશભાઈ એલ. ચાવડા, (ખંભલાવ) | બોટાદ | ૯૯૨૪૦ ૧૯૧૪૦ |
| | | પ્રભુભાઈ એમ. ડાભી | જુનાગઢ | ૯૮૭૯૨ ૫૫૯૧૯ |
| | | અલ્પેશભાઈ ચાવડા | અમદાવાદ | ૯૭૨૫૦ ૦૫૭૫૫ |
| ૬ | બોટાદ | રાજેશભાઈ કાનજીભાઈ મકવાણા | ધંધુકા | ૯૪૨૬૩ ૯૪૯૯૯ |
| | | નંદકિશોરભાઈ એસ. કણઝરીયા | લીંબડી | ૯૮૨૪૨ ૫૬૪૯૧ |
| ૭ | અમદાવાદ | ગીરીશભાઈ એસ. લકુમ | હળવદ | ૯૮૭૯૩ ૫૯૧૧૩ |
| | ગાંધીનગર | નીતેશભાઈ કે. મકવાણા | બોટાદ | ૯૮૯૮૫ ૫૬૯૯૮ |
| | વડોદરા, આણંદ | પ્રો. કે.એસ.ચાવડા | અંકલેશ્વર | ૮૨૦૦૮ ૭૩૨૯૯ |
| ૮ | નર્મદા, ભરૂચ, | લાલાભાઈ નારણભાઈ ખાંદળા | વડોદરા | ૯૪૨૬૩ ૭૪૩૭૭ |
| | ખેડા,નડિયાદ | કાળુભાઈ ડી. રંઘાડીયા | અમદાવાદ | ૯૯૨૫૩ ૬૨૭૬૩ |
| | | ડૉ. જીજ્ઞેશ એમ. હડીયલ | બોટાદ | ૯૭૧૪૨ ૭૫૦૨૭ |
| ૯ | જુનાગઢ, પોરબંદર | પ્રકાશભાઈ એલ. કણઝારીયા | જામખંભાળીયા | ૯૮૭૯૪ ૯૧૪૩૨ |
| | ગીરસોમનાથ | | | |
| | બગસરા | ભરતભાઈ આર. સોનગરા | જામનગર | ૭૯૯૦૬ ૦૦૦૮૯ |
| | મહેસાણા, પાટણ | મુકેશભાઈ નાથાલાલ ડાભી | ગાંધીનગર | ૯૭૨૭૭ ૯૨૬૦૧ |
| ૧૦ | બનાસકાંઠા | રસીકભાઈ પી. સતવારા | માંડલ | ૯૯૯૮૦ ૪૨૮૭૯ |
| | સાબરકાંઠા, માંડલ | ભરતભાઈ પરમાર | અમદાવાદ | ૯૯૭૯૭ ૦૫૧૨૦ |
| | | ગીરીશભાઈ એસ. લકુમ | હળવદ | ૯૮૭૯૩ ૫૯૧૧૩ |
| | | ભાવેશભાઈ કંઝારીયા | મોરબી | ૮૦૦૦૦ ૮૮૮૮૦ |
| ૧૧ | કચ્છ | સતીષભાઈ ઘનશ્યામભાઈ તારબુંદીયા | હળવદ (ધનાળા) | ૯૯૦૪૨ ૦૩૯૩૮ |
| | | પ્રો. કે.એસ. ચાવડા | અંકલેશ્વર | ૮૨૦૦૮ ૭૩૨૯૯ |
| ૧૨ | મહારાષ્ટ્ર,સુરત | લાલજીભાઈ એમ. સથવારા | બુઢારમોર કચ્છ | ૯૮૭૯૦ ૦૨૯૮૩ |
| | | માવજીભાઈ નકુમ | જામનગર | ૯૮૨૫૦ ૯૫૫૧૬ |
| | ભાવનગર | હીતેષભાઈ પી. જાદવ | અમદાવદ | ૯૯૨૪૯ ૩૪૨૪૬ |
| ૧૩ | વલ્લભીપુર, સિહોર | દલસુખભાઈ ચૌહાણ | લીંબડી | ૯૮૨૫૭ ૭૬૧૭૮ |

**સંકલન : ગીરીશભાઈ એસ. લકુમ, મહામંત્રી શ્રી સમસ્ત સતવારા મહામંડળ**

# મોહનભાઈ પીતાંબરભાઈ કંઝારિયાને ભાવભરી શ્રદ્ધાંજલિ-જીવાપર (મોરબી)



સ્વ. મોહનભાઈ કંઝારિયા

આદરણીય ડૉ. લખમણભાઈ મોહનભાઈ કંઝારિયા અને કંઝારિયા પરિવાર દ્વારા - અતિ દુઃખ સાથે જાણવા મળ્યું કે આપના પૂજ્ય પિતાશ્રી મોહનભાઈ પીતાંબરભાઈ કંઝારિયા- જીવાપર (મોરબી)નું તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ૯૧ વર્ષની પવિત્ર અને ગૌરવમય વયે જીવાપર મુકામે અવસાન થયું છે. આ સમાચારથી મોરબી- જીવાપર તથા સમાજના લોકોનું હૃદય વ્યથિત થઈ ગયું છે.

મોહનભાઈનો જીવન પ્રવાસ જોઈએ તો, તેમના પિતાશ્રી પીતાંબરભાઈ કારાભાઈ મૂળ જીવાપર પાસે આવેલ બાદનપર ગામના (આ બંને ગામ જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં આવેલ હતા પરંતુ હવે મોરબી જિલ્લો બનતા મોરબી જિલ્લાના મોરબી તાલુકામાં સમાવેશ થયેલ છે.) પરંતુ એ સમયમાં રાજાશાહી પસાઈતા સાથે સંઘર્ષ થતા કારાબાપાએ બાદનપર ગામ છોડી જીવાપર ગામમાં વસેલ...કારાબાપાને ત્રણ સંતાન જેમાં પીતાંબરભાઈ, નરશીભાઈ અને હીરાભાઈ. પીતાંબરભાઈના પાંચ દીકરા અને ત્રણ બહેનો જેમાં ચોથા નંબરના દિકરા એટલે મોહનભાઈ પીતાંભરભાઈ કંઝારિયા, તેમના પત્ની ગંગાસ્વરૂપ પ્રેમીબેન મોહનભાઈ જેઓ બંને અભણ હોવા છતાં સદાચાર, મહેનત, પરિશ્રમ, સંસ્કાર અને ધાર્મિક મૂલ્યોનું જીવંત પ્રતિબિંબ હતા. મોહનભાઈ ૯૧ વર્ષની તેમની દીર્ઘાયુષ્ય માત્ર વર્ષોની સંખ્યા નહોતી, પરંતુ આ ઉંમરના નીચોડ રૂપે તેઓના ભાઈઓ ભાગમાં આવેલી ખેડવાણની ૪૦ વીઘા જમીન ઉપરાંત લગભગ ૬૦ વીઘા જમીન ખરીદેલ. એટલું જ નહીં પણ પોતાની કોઠાસૂઝથી તેઓ સમગ્ર ભારતમાં ચાર ધામની યાત્રા ત્રણ વખત કરેલ. તેઓ યાત્રાથી પરત ફરતા વર્ષ ૨૦૦૪ અને વર્ષ ૨૦૧૦માં ગંગાપૂજન કરીને જીવાપર ગામ ધુમાડા બંધ જમાડેલ. સાથે સાથે છેલ્લા દસ વર્ષથી દર વર્ષે પવિત્ર શ્રાવણ માસમાં હરિદ્વારમાં ૨૦-૨૫ દિવસ રોકાઈને ધાર્મિક અને અધ્યાત્મિક તરફ વળેલા. એટલું જ નહિ ગુજરાતની સતવારા સમાજની લગભગ સંસ્થાઓમાં તેમના નામની તક્તિ અને ફોટાઓ છે. અમદાવાદ કન્યા છાત્રાલયમાં રૂપિયા ૨,૦૦,૨૨૨, તો રાજકોટ કન્યા છાત્રાલયમાં રૂપિયા ૧,૧૧,૧૧૧, શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટમાં ૨૫,૦૦૦,

જામનગર કન્યા છાત્રાલયમાં રૂપિયા ૨૫,૦૦૦ હજાર, જોરાવરનગર બોર્ડિંગમાં રૂ. ૧૫૦૦૦, અંકલેશ્વર બોર્ડિંગમાં રૂ. ૨૧,૦૦૦, જુનાગઢ ભવનાથમાં - મોરબી સતવારા જ્ઞાતિની જગ્યામાં રૂ. ૧૧૦૦૦ શ્રી વિદ્યોતેજક મંડળ-મોરબીમાં રૂ. ૨૫,૦૦૦, શ્રી સર્વોદય એજ્યુકેશન સોસાયટી-મોરબીમાં રૂ. ૨૧,૦૦૦, શ્રી સિદ્ધનાથ મહાદેવની જગ્યા વિરમગામમાં રૂ. ૩૬૦૦૦ આ ઉપરાંત દ્વારકા, જામનગર કેનેડી, રાજકોટ, અમદાવાદ, વલ્લભ વિદ્યાનગર, જુનાગઢ, ભિવંડી, મોરબી તેમજ અનેક ધાર્મિક સ્થળો - મંદિરોમાં પોતાના નામની પોતાના પુત્રો હસ્તક તકતી મુકાવેલ છે. મોહનભાઈને સંતાનમાં છ દીકરા અને એક દીકરી હતા. તેમણે બધા સંતાનોને વ્યવસ્થિત ધંધામાં, વ્યવસાયમાં, ખેતીમાં ગોઠવણ કરેલ. મોટા દીકરા એટલે ડૉ. લખમણભાઈ જેઓ મોરબીના આર્ટસ કોલેજમાં પ્રિન્સીપાલ હતા. મોરબી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ રહી ચૂકેલા છે અને આજે મોરબી સતવારા જ્ઞાતિના પ્રમુખ છે. એટલું જ નહીં તેઓ સામાજિક, શૈક્ષણિક અને રાજકીય અનેક સંસ્થાઓમાં વિવિધ હોદ્દા ધરાવે છે. તેમજ જોડાયેલ છે અને સેવા આપે છે. તેમના દીકરા ડૉ. પલકકુમાર અને પુત્રવધુ ડૉ. અંકિતા પણ વેલસેટ છે. બીજા નંબરના દીકરા ખીમજીભાઈ જે ખેતી કરે છે અને તેમના દીકરા જગદીશભાઈ અમદાવાદ ખાતે O.N.G.C.માં એન્જીનીયર છે. ત્રીજા નંબરના દીકરા આંબાલાલ જેઓ જીવાપર ગામના માજી સરપંચ હતા અને નવું જીવાપર ગામ તેમણે વસાવીને મહત્વનો ફાળો આપેલ. તેઓ ખેતી કરે છે અને ગામમાં કરિયાણાની દુકાન ચલાવે છે. તેમના દીકરા અનિલભાઈ પ્રગતિશીલ ખેડૂત અને ટેકનિશિયન છે. ચોથા નંબરના દિકરા છગનભાઈ જેવો હીરાના કારીગર હતા. અને હીરાનું કારખાનું ચલાવતા, આજે જીવાપરમાં ખેતી કરે છે. તેમની દીકરા શૈલેષભાઈ પ્રગતિશીલ ખેડૂત અને નિષ્ણાત રસોઈયા છે. પાંચમાં નંબરના દીકરા શાંતિલાલ જેવો ખેતી કરે છે અને એમના દીકરા ધવલકુમાર એડવોકટ છે અને બીજા નંબરના દિકરા સાગરભાઈ ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે છઠ્ઠા નંબરના દિકરા રજનીકાંતભાઈ જેઓ ધ્રોલમાં રહે છે અને પતિ-પત્ની બંને સરકારી પ્રાથમિક સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરે છે. મોહનભાઈની દીકરી રેવીબહેન ભીમજીભાઈ પરમાર ધ્રોલમાં સાસરે છે. તેમને ત્રણ દિકરા અને એક દીકરી છે. બે દિકરા કિશોરભાઈ અને રસિકભાઈ બાંધકામનું કરે છે અને નાનો દીકરો કિરીટભાઈ જે જોડીયા કોર્ટમાં નોકરી કરે છે. આમ તેઓના અનુભવ, આશીર્વાદ અને પરિવારમાં વટવૃક્ષ સમાન છાંયો આપનારૂં વ્યક્તિત્વ હતું. તેમણે પોતાના પરિવારને ઉત્તમ સંસ્કાર આપી, સમાજમાં સન્માનનીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમનો સાદગીભર્યો સ્વભાવ અને સૌજન્યસભર વર્તન હંમેશા યાદ રહેશે.

આપના પરિવાર માટે આ અપૂરણીય ક્ષતિ છે. પ્રભુ શ્રી તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને આપ સૌને આ દુઃખ સહન કરવાની શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના. આ દુઃખની ઘડીએ અમે આપ અને આપના પરિવાર સાથે સહાનુભૂતિપૂર્વક ઊભા છીએ. શ્રી સમસ્ત સતવારા મહામંડળ તથા સતવારા સમાજ મોરબી તેમને ભાવભીની શ્રદ્ધાંજલી આપે છે.

પૂજ્ય આત્માને ભાવભીની શ્રદ્ધાંજલિ

**શોકાતુર સહાનુભૂતિ સાથે, એલ.ડી. હડીયલ-મોરબી**

# શિક્ષણથી ઉજળું બનેલું આદર્શ પરિવાર
# લીંબડી સતવારા સમાજનું ગૌરવ



મનીષભાઈ કંઝારીયા-પિતાજી



હેતલ કંઝારીયા-માતાજી



રૂદ્ર મનીષભાઈ

લીંબડીના વતની અને હાલ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ-રીલાયન્સ ટાઉનશીપ-જામગર ખાતે રહેતા શ્રી મનીષભાઈ મહાસુખભાઈ કણઝરીયા (**B.E. Chemical**) જેઓ લીંબડીના શ્રી મહાસુખભાઈ ભુદરભાઈ કણઝરીયાના સુપુત્ર છે. તેમના દીકરા રૂદ્ર મનીષભાઈ કણઝરીયા (**B.E. Chemical**) ૨ (બીજું) વર્ષ ધર્મસિંહજી દેસાઈ યુનિવર્સીટી નડીયાદ ખાતે અભ્યાસ કરી રહ્યા છે. જેઓને હાલમાં એશિયાના સૌથી મોટા સિમ્પોઝીયમમાં ''એઝોકયુબ''સ્પર્ધામાં સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. પર્યાવરણની જાળવણી અને ગ્લોબલવોર્મિંગ જેવી વૈશ્વિક સમસ્યાના ઉકેલ રૂપે ''વાતાવરણમાંથી ટકાઉ રીતે કાર્બન ડાયોકસાઈડનું સંકલન'' વિષય પર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં તેઓએ ગ્રાફીન ઓકસાઈડ નેનોપર્ટિકલ્સનો ઉપયોગ કરી નવીન ટેકનોલોજી રજૂ કરી વિજેતાપદ હાંસલ કર્યું હતું.

આ સ્પર્ધાના કડક માપદંડો અને ટેકનિકલ ચકાસણીના અંતે આશરે ૪૦ ટીમોની પ્રાથમિક ચરણ માટે પસંદગી કરવામાં આવી હતી. ફાઈનલ રાઉન્ડ માટે ૧૧ ટીમો જ ક્વોલીફાઈ થઈ શકી હતી. જેમાં ધર્મસિંહજી દેસાઈ યુનિવર્સિટીના કેમિકલ એન્જીનીયરીંગ વિભાગના રૂદ્ર કણઝરીયા તથા તેમની ટીમે ગ્રાફીક ઓકસાઈડ નેનોપાર્ટીકલ્સ ને એમાઈન સાથે ફંકશનલાઈઝ કરીને ઉચ્ચ સીઓ-૨ સિલેક્ટીવીટી ધરાવતું અત્યાધુનિક અબ્ઝોર્વન્ટ તૈયાર કરવાની નવીન અને અસરકારક પદ્ધતિ રજૂ કરી હતી જે વૈજ્ઞાનિકો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી.

શ્રી મહાસુખભાઈ ભુદરભાઈ કણઝરીયા કે જેઓ લીંબડી ખાતે માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ ડીપાર્ટમેન્ટમાં એન્જીનીયર હતા. તેઓએ શ્રી મનીષભાઈ કણઝરીયાને ઉચ્ચ અભ્યાસ કરાવી રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં સારી નોકરી અને ઉચ્ચ હોદ્દો (ડેપ્યુટી જનરલ મેનેજર) અપાવીને સતવારા સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડેલ છે. શ્રી મહાસુખભાઈ હાલ રીટાયર્ડ છે. શ્રી મનીષભાઈ પોતે પણ તેમના દીકરા રૂદ્ર કણઝરીયાને ઉચ્ચ અભ્યાસ કરાવીને, તેમના ધર્મપત્ની હેતલબેન તથા શ્રી મનીષભાઈ કણઝરીયાએ સમાજ માટે ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડેલ છે. શ્રી મનીષભાઈના મોટાભાઈ શ્રી ચેતનભાઈ કણઝરીયા પણ **P.hd.** કરીને હાલ વડોદરા ખાતે પ્રોફેસર તરીકે નોકરી કરે છે.

મનીષભાઈના બીજાભાઈ રાજુભાઈ મહાસુખભાઈ કણઝરીયા જેઓ લીંબડી ખાતે ઈમીટેશનની દુકાન છે. તેમના પુત્ર કેયુર રાજુભાઈ કણઝરીયા કેનેડા ખાતે અભ્યાસ કરી જોબ કરે છે.

આ સિદ્ધિ બદલ તેમના દાદાશ્રી મહાસુખભાઈ કણઝરીયા તથા દાદીશ્રી અનસુયાબેન મહાસુખભાઈ કણઝરીયા તરફથી શુભેચ્છા રૂપે રૂ. ૧૦૦૧/- સતવારા દર્પણને ભેટ આપેલ છે.

સથવારા સમાજ માટે ગૌરવ અને પ્રેરણાનું પ્રતીક બની રહેલો આ આદર્શ પરિવાર એ સાબિત કરે છે કે શિક્ષણ એ માત્ર ડિગ્રી મેળવવાનો માર્ગ નથી, પરંતુ જીવનને ઊંચાઈઓએ લઈ જતું દિવ્ય સાધન છે. જ્ઞાન, સંસ્કાર અને

પરિશ્રમના ત્રિવેણી સંગમથી ગઢાયેલો આ પરિવાર સમાજમાં પ્રગતિને દીપસ્તંભ બની ઝળહળી રહ્યો છે.

પરિવારના બંને સુપુત્રોએ એન્જીનીયરીંગ ક્ષેત્રે ઉત્તમ સિદ્ધિઓ હાંસલ કરી પોતાની પ્રતિભા અને દૃઢ સંકલ્પનું અનોખું દર્પણ પૂરું પાડ્યું છે. શ્રી કેયુરભાઈએ કેનેડાની ધરતી પર પોતાની કાબેલિયત દ્વારા માત્ર વ્યક્તિગત સફળતા જ નહીં, પરંતુ ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વિશ્વમાં પ્રસરીત કર્યું છે. બીજી તરફ, શ્રી પાર્થભાઈ પ્રતિષ્ઠિત L&T જેવી અગ્રણી કંપનીમાં કાર્યરત રહી ઉદ્યોગક્ષેત્રે પોતાના જ્ઞાન અને કુશળતાથી મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

આ પરિવારમાં વરિષ્ઠોમાં પણ શિક્ષણ પ્રત્યેની અખંડ શ્રદ્ધા અને જીવનમૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે. મોટા દાદાશ્રીએ પી.એચ.ડી. જેવી ઉચ્ચતમ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરીને જ્ઞાનસાધનાની પરાકાષ્ઠા સ્પર્શી છે, જ્યારે દાદાશ્રીએ સિવિલ ડિપ્લોમાં મેળવી કાર્યક્ષેત્રમાં આગવી ઓળખ ઊભી કરી છે. આ સિદ્ધિઓ એ દર્શાવે છે કે શિક્ષણ કોઈ એક પેઢી સુધી મર્યાદિત નથી રહેતું, પરંતુ પેઢીથી પેઢી સુધી પ્રકાશ ફેલાવતું દીપક છે.

આ પરિવારનું જીવનમંત્ર આપણને શીખવે છે કે ''શિક્ષણ એ જ સૌથી મોટું સંપત્તિ છે,'' જે વ્યક્તિને આત્મવિશ્વાસ, સંસ્કાર અને સમાજસેવાના માર્ગે દોરી જાય છે. આજના યુગમાં, જ્યાં સ્પર્ધા અને પડકારો વધી રહ્યા છે, ત્યાં આ પરિવારનું ઉદાહરણ યુવાનોને સંદેશ આપે છે કે સતત અભ્યાસ, મહેનત અને સંકલ્પ દ્વારા કોઈપણ શિખર સર કરી શકાય છે.

ખરેખર, આ પરિવાર સથવારા સમાજ માટે જીવંત પ્રેરણાસ્ત્રોત છે — જે સમાજના દરેક યુવાનને શિક્ષણ તરફ પ્રેરિત કરી, પ્રગતિના નવા દ્વાર ખોલવા માટે ઉત્સાહિત કરે છે. તેમની સિદ્ધિઓ સથવારા સમાજના ગૌરવમાં એક તેજસ્વી સુવર્ણ પાનાં તરીકે ઉમેરાય છે.

સૌજન્ય સુચના : આ પ્રેરણાદાયી પરિવારને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ — તેમની સફળતાનો પ્રકાશ સમાજના દરેક ઘરમાં પ્રગટતો રહે તેવી શુભકામનાઓ....

ધન્યવાદ, રૂદ્ર મનીશભાઈ કણઝરીયા, આપ ઉત્તરોત્તર વધુ ને વધુ પ્રગતિ કરો તેવી ઉજ્જવળ કારકીર્દિ બને તેવી શુભેચ્છા...

**સંકલન : - શ્રી મહેશભાઈ રામજીભાઈ મકવાણા (લીંબડી) મો.નં. ૯૮૨૫૫ ૪૭૫૮૫**

## બરવાળા (ઘેલાશા) સતવારા સમાજનું ગૌરવ



**ડોકટર મૈત્રી કણઝરીયા**

બરવાળા (ઘેલાશા) નિવાસી હાલ ભાવનગર પ્રવીણભાઈ ગટોરભાઈ કણઝરીયા (કાર્યપાલક ઈજનેર, PGVCL તેમજ પૂર્વીબેન પ્રવીણભાઈ કણઝરીયા (જુનિયર ઈજનેર, PGVCL ની પુત્રી ડૉકટર મૈત્રી કણઝરીયાએ ગુજરાતની ખ્યાતનામ બી.જે.મેડિકલ કોલેજ, અમદાવાદમાંથી વર્ષ -૨૦૨૫માં Graduation સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે ત્યારબાદ PG NEET-2025 ની પરીક્ષા પાસ કરીને હાલમાં MD (Paediatrician) માં પારૂલ યુનિવર્સિટી, વડોદરા ખાતે પ્રવેશ મેળવ્યો છે.

ડૉકટર મૈત્રી કણઝરીયા તેમના શૈક્ષણિક જીવનમાં સતત પ્રગતિ મેળવી કણઝરીયા પરિવાર તેમજ સમસ્ત સતવારા સમાજનું ગૌરવ વધારી રહ્યા છે. એક ડૉકટર તરીકે સેવા પરમો ધર્મ ને જીવનમંત્ર બનાવી સમાજની સેવા કરે તેવી શુભેચ્છા અને અભિનંદન સમગ્ર કણઝરીયા પરિવાર તરફથી પાઠવવામાં આવે છે.

**આ પ્રસંગે સતવારા દર્પણને રૂપિયા ૫૦૧/- ની ખુશી ભેટ અર્પણ કરવામાં આવે છે.**

# પ્રતિભાશાળી ભાણેજ દેવદત્તને અભિનંદન



**દેવદત્ત પ્રકાશકુમાર ચાવડા** (Software Developer 2 at BROADCOM, Banglore)

મુ. વલ્લભીપુર અને હાલ સિહોર (જિ. ભાવનગર) નિવાસી શ્રી પ્રકાશકુમાર નટવરલાલ ચાવડા અને ઊર્વીબેનના સુપત્ર દેવદત્તે પોતાના પરિશ્રમ, લગન અને પ્રતિભાથી પરિવાર, સમાજ અને સમગ્ર વિસ્તારનું નામ ગૌરવપૂર્વક ઉજાગર કર્યું છે દેવદત્તે હાલમાં **Broadcom** જેવી **$1.5 Trillion** માર્કેટકેપ ધરાવતી વિશ્વની દિગ્ગજ સેમિકન્ડકટર કંપનીમાં **Software Developer 2** તરીકે પ્રમોશન મેળવ્યું તે ખૂબ આનંદની તથા ગૌરવની વાત છે.

નાનપણથી જ તેનું સપનું ભારતની સર્વોચ્ચ એન્જીનીયરીંગ કોલેજમાં ભણવાનું હતું. તેણે ભાવનગરની જ્ઞાનમંજરી વિદ્યાપીઠમાં ધોરણ ૧૦ માં ૯૪.૫ % ( ૯૯.૯૭ **percentile**) અને ધોરણ ૧૨, (૯૩.૬૬ % **percentile** ૯૯.૮૧) ઉત્તમ પરિણામ સાથે પૂર્ણ કર્યું હતું. તેણે **JEE Main** માં **AIR 8940** રેન્ક લાવીને ભારતની પ્રતિષ્ઠિત એન્જીનીયરીંગ કોલેજ **NIT Warangal, Telangana** માં **EEE (Electrical and Electronics Engineering)** બ્રાન્ચમાં એડમિશન મેળવ્યું હતું. અભ્યાસકાળ દરમિયાન પણ તેની પ્રતિભા સ્પષ્ટ દેખાઈ, જેના પરિણામે તેને ૨૦૨૨માં કેમ્પસ સિલેકશન મારફતે વિશ્વવિખ્યાત કંપની **VMware** માં નોકરી મળી હાલ આ કંપની **Broadcom** તરીકે ઓળખાય છે, જે સેમિકન્ડકટર અને ટેકનોલોજી ક્ષેત્રની વૈશ્વિક મહાકાય કંપની છે. આજે તેને ૩.૫ વરસનો અનુભવ પણ થઈ ગયો છે અને બેંગલુરૂ ખાતે ડેવલપર-૨ તરીકે કાર્યરત છે અને પ્રતિમાસ આશરે ૨.૫ લાખ જેટલો પગાર મેળવે છે.

દેવદત્તની આ સફળતા એ માત્ર વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ સમાજના યુવાનો માટે પ્રેરણાનો દીવો છે. તેની સફળતાની પાછળ તેનો અવિરત પરિશ્રમ, શિસ્તબદ્ધ જીવનશૈલી, વડીલોના આશીર્વાદ, માતા-પિતાના સંસ્કાર અને શિક્ષકોનું માર્ગદર્શન રહેલું છે.

દેવદત્તની સાથે સાથે આજે મને ભાણી રાજશ્રી માટે પણ એટલો જ ગર્વ થાય છે. આખા ગુજરાતમાં ડિપ્લોમાં ૨૪મો રેન્ક લાવીને તે અત્યારે ગુજરાતની સર્વશ્રેષ્ઠ નિરમાં યુનિવર્સિટીમાં બી.ઈ.કમ્પ્યુટર સાયન્સના છઠ્ઠા સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહી છે. તે પણ બિલકુલ દેવદત્તના જ રસ્તે ચાલીને એક સફળ એન્જીનીયર બનવા તરફ આગળ વધી રહી છે.

સમગ્ર કુટુંબ તથા મોસાળ તરફથી દેવદત્તને આ ઉજ્જવળ કારકિર્દી માટે હાર્દિક અભિનંદન અને ભવિષ્ય માટે અનંત શુભકામનાઓ. ભગવાન તેને સતત નવી ઊંચાઈઓ સર કરવા શક્તિ આપે તેવી શુભેચ્છા.

મામા : અશોકભાઈ ચમનભાઈ લકુમ (આસી. પ્રો. એલ.ઈ.કોલેજ, મોરબી - ૯૪૨૭૦૪૬૨૫૬ (મુ. સુરેન્દ્રનગર)

પિતા : પ્રકાશકુમાર નટવરલાલ ચાવડા (૯૮૨૪૩ ૯૦૩૩૦)

**તા.ક. આ તકે દેવદત્તના મામા તરફથી રૂ. ૧૧૦૦ ખુશી ભેટ સતવારા દર્પણને મોકલેલ છે.**

**સતવારા દર્પણ તેમને હાર્દિક શુભેચ્છા પાઠવે છે. સંકલન : અશોકભાઈ સી. લકુમ**

# શ્રી પ્રહલાદભાઈ એસ. ખાંદલાનું નવા ઘરના વાસ્તુપૂજન અને નવચંડી

અમારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સિદ્ધનાથ મહાદેવ તેમજ કુળદેવી આઈ શ્રી ખોડિયાર માતાજીની અસીમ કૃપાથી અમારા મોટાભાઈ તેમજ અમારા શ્રી સતવારા સમાજના ખાંદલા પરિવારના દાનવીર કર્ણ એવા શ્રી પ્રહલાદભાઈ સવજીભાઈ ખાંદલા તેમના વૈષ્ણોદેવી અમદાવાદ વિસ્તારમાં નવા ઘરના વાસ્તુ પૂજન તેમજ ગૃહ પ્રવેશ રાખેલું જેમાં પ.પૂ. મહંત શ્રી મહામંડલેશ્વર ૧૦૦૮ લલિતકિશોરસરણજી મહારાજ-લીંબડી વાસ્તુપૂજન તથા નવચંડી હવન યજ્ઞ બ્રહ્મદેવ શ્રી લાલા મહારાજ, શ્રી જગદીશભાઈ મકવાણા (મુખ્યનાયબ દંડક તેમજ ૬૨- વિધાનસભાના ધારાસભ્ય), શ્રી નરેશભાઈ એમ. કણઝરીયા (I.P.S) અમદાવાદ, સતવારા મહામંડળના પ્રમુખશ્રી રાજેશભાઈ કે. મકવાણા, શ્રી પંકજભાઈ કે. પરમાર ખજાનચી, સતવારા મહામંડળ શ્રી રમણલાલ સી. મકવાણા - તંત્રી શ્રી સતવારા દર્પણ, શ્રી ભરતભાઈ જી. પરમાર પ્રમુખ શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ શ્રી વિનોદકુમાર સી. મકવાણા ઉપ પ્રમુખ શ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ તથા પૂર્વ ખજાનચી શ્રી સતવારા મહામંડળ સમગ્ર ગુજરાતમાંથી પધારેલા સતવારા સમાજના અગ્રણીઓ, સમગ્ર ગુજરાતમાંથી પધારેલા ખાંદલા પરિવાર મોતીભા પરિવારના વડીલો, ભાઈઓ, બહેનો, બાળકો...

શ્રી અંબાલાલ એલ. સથવારા, શ્રી ભરતભાઈ પી. ડાભી, શ્રી જયંતીભાઈ ખાંદલા, શ્રી કાંતીભાઈ આર. પરમાર, શ્રી ભગવાનભાઈ એફ. પરમાર, શ્રી તુલસીભાઈ જાદવ લીંબડી. શ્રી સતવારા સમાજના ખાંદલા પરિવાર વઢવાણના આગેવાનશ્રીઓમાંથી ભુવાશ્રી નરસીંહભાઈ ખાંદલા, ભુવા શ્રી થોભણભાઈ ડાયાભાઈ ખાંદલા, શ્રી ભગવાનભાઈ ખાંદલા, શ્રી ભરતભાઈ ખાંદલા, શ્રી ઈશ્વરભાઈ ખાંદલા, શ્રી યોગેશભાઈ ખાંદલા, શ્રી ગણેશભાઈ ખાંદલા વિગેરેએ હાજરી આપી હતી.

આ પ્રસંગમાં આવી પ્રસંગની શોભા વધારેલી. આ શુભ પ્રસંગે શ્રી પ્રહલાદભાઈ એસ. ખાંદલાએ રૂ. ૧૦૦૦/- સતવારા દર્પણને ખુશી ભેટ આપેલ છે.

સંકલન : શ્રી યોગેશભાઈ ખાંદલા

































# ૮/૩/૨૦૨૬ ના રોજ શ્રી સતવારા મહિલા કલબ દ્વારા મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી

સૌ પ્રથમ શ્રી સતવારા મહિલા કલબના કમિટી મેમ્બર જાગૃતિબેન, હીનાબેન, કૈલાસબેન, હર્ષિદાબેન તેમજ કલ્પનાબેન દ્વારા નીતાબેન જયેશભાઈ રાઠોડનું સન્માન કરવામાં આવ્યું હતું જેઓ શ્રી સમસ્ત સતવારા સમાજના મહામંડળના મહિલા પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ કાર્યક્રમનું શિર્ષક પણ ખૂબ જ સુંદર આપ્યું છે. નીતાબેન દ્વારા એમ કહેવામાં આવ્યું છે કે સ્ત્રી માત્ર સ્ત્રી નથી ખરેખર તો સમય આવે ત્યારે નારાયણી, દુર્ગા બનીને લડી શકે, નારી તુ સખી છે અને એકબીજાની સહેલી છે.

નારી તું નારાયણી તુ, સખી તુ સહેલી તું

નારી એક મા છે , એક બહેન છે, એક દીકરી છે, એક વહુ છે છતાં પણ તે દરેક જગ્યાએ પોતાને એ રીતે એ સંબંધો માં જોડીને ખુબ સારી રીતે સંબંધો નિભાવી શકે છે. આજના કાર્યક્રમમાં નીતાબેન જયેશભાઈ રાઠોડે નારી ને સ્વાવલંબી, આત્મનિર્ભર બનવા માટે તેમજ વ્યવસાય લક્ષી માહિતી આપી. નીતાબેનનો એક જ ધ્યેય છે કે સમાજના બહેનો દરેક ક્ષેત્રમાં આગળ વધે અને સમાજ માં તેઓ પણ પોતાને સક્ષમ બનાવે.

દરેક વ્યક્તિના જીવનની શરૂઆત એક સ્ત્રી એટલે કે મા થી થાય છે ભગવાને માનું સર્જન એટલે કર્યુ છે કારણ કે ભગવાન દરેક જગ્યાએ પહોંચી ન શકે.

મિટીંગમાં ૬૦ જેટલા બહેનો ઉપસ્થિત રહ્યા હતા. એમાંથી ઘણા બહેનો પોતાને ઘરેથી વ્યવસાય કરે છે કોઈ બ્યુટી પાર્લર ચલાવે છે તો કોઈ બુટિક ચલાવે છે બ્રેસલેટ બનાવી ઓનલાઈન વેચાણ કરે છે તો કોઈ આજે ચાલતી નવી ફેશન પ્રમાણે સાડીમાં લટકણ બનાવે છે અને એમને ઈન્સ્ટાગ્રામમાં પણ પોતાનું પેજ છે અને કામ કરે છે. તો દરેક બહેનોએ પોતાના કાર્યો વિશેની માહિતી આપી હતી.

આ કાર્યક્રમનું આયોજન તેમજ કાર્યક્રમ સફળ થાય તે માટે નીતાબેન જયેશભાઈ રાઠોડ, જાગૃતિબેન ચંદ્રેશભાઈ કડિયા, હીનાબેન રવિન્દ્રભાઈ ચાવડા, કૈલાસબેન નરેશભાઈ કણજારીયા, હર્ષિદાબેન નરેશભાઈ ડાભી, અલ્પાબેન પંકજભાઈ પરમાર, રમાબેન હર્ષદભાઈ ચૌહાણ અને ભારતી બેન બીપીનભાઈ રાઠોડ જેઓ કાર્યક્રમના સ્પોન્સર બન્યા અને અથાગ પ્રયત્નો કર્યા હતા અને ખુબ જ સુંદર રીતે કાર્યક્રમ ઉજવ્યો હતો અલગ અલગ રમતો રમાડી અને રમતમાં વિજેતા થનારને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. અંતમાં કેક કાપીને બધા બહેનોએ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી હતી. બધા બહેનોને પર્સ ગિફ્ટ કર્યા હતા. દરેક બહેનો નાસ્તો કરીને અને એક સારો વિચાર લઈને દરેક છૂટા પડ્યા બધાએ ખુબ આનંદ કર્યો હતો.

**શ્રી સતવારા મહિલા કલબ, અમદાવાદ**

**સંકલન : નીતાબેન જયેશભાઈ રાઠોડ**

**મો. : ૯૪૨૬૫ ૮૪૪૭૭**







**મહિલા ક્લબની તસવીરો નજરે પડે છે**








॥ જય દ્વારકાધીશ ॥

# સ્વ. જેઠાભાઈ માંડણભાઈ કણઝારીયાની
# વંદના હોટલ, દ્વારકા






:: સુવિધા ::

- ડાઈનીંગ હોલ
- એ.સી. અને નોન એ.સી. રૂમ
- ઠંડા ગરમ પાણીની સુવિધા
- ટી.વી. વીથ કેબલ
- કાર પાર્કિંગ
- વાઈ–ફાઈ ઈન્ટરનેટ સુવિધા

**પ્રો. ચંદ્રકાંતભાઈ જેઠાભાઈ કણઝારીયા**
**ક્રિષ્નકુમાર ચંદ્રકાંતભાઈ કણઝારીયા**

**સ્ટેટ હાઈવે, સ્ટેશન રોડ, દ્વારકા. મો. ૭૯૦૦૪ ૨૭૪૪૦**

Website : www.hotelvandana.com

# શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા નમ્ર અપીલ

વ્હાલા જ્ઞાતિબંધુઓ, નમસ્કાર

સવિનય સહ જણાવવાનું કે સતવારા દર્પણના નવા સભ્ય થવાના પંચવર્ષિય રૂા. ૫૦૦, દશવર્ષિય રૂા. ૧૦૦૦ અને વીસ વર્ષિયની રૂા. ૨૦૦૦/- સભ્ય ફી છે. આમાં ધંધાની જાહેરાતના દર અલગ છે. લગ્ન વિષયક ગામના સમાજનું ગૌરવ, પર્સનલ (વ્યક્તિગત) જાહેરાત આપો ત્યારે રૂ. ૫૦૦ દાનભેટના સીધા જ **બેંક ઓફ બરોડા વાડજ બ્રાંચમાં સેવિંગ્સ ખાતા નં. ૭૨૫૦૦૧૦૦૦૦૩૪૨૨ અને IFSC Code** અને **BARBo DBNVAD (કોડમાં પાંચમો અક્ષર ઝીરો છે.) આપના રૂા. સીધા ઓનલાઇન જેમકે પેટીએમ, ગુગલ પે, ફોન પે, ભીમ એપ્સ કે અન્ય એપ્સ દ્વારા જમા કરાવવા વિનંતી છે.** તેના **UPI**ના નંબર સાથે **સતવારા દર્પણના તંત્રીશ્રીના મો. નં. ૯૮૨૪૭૮૮૨૦૧** ઉપર અવશ્ય મોકલી આપવા વિનંતી છે. **મનીઓર્ડર કોઈએ કરવો નહિ અથવા રોકડા આપવા નહીં.**

આપણા સમાજમાં દરેક ગામમાં કે શહેરમાં થતા જાહેર કાર્યક્રમો જેવા કે સ્નેહ સંમેલન, ઈનામ વિતરણ, યુવા મેળા, સમુહ લગ્ન, શૈક્ષણિક કાર્યક્રમ, ધાર્મિક કાર્યક્રમ કોઈપણ મેડીકલ કેમ્પ હોય ટુંકમાં સમાજમાં થતા કોઈપણ નાના મોટા જાહેર મેળાવડા થતા હોય તો તે કાર્યક્રમોની સતવારા દર્પણના કાર્યાલય ઉપર વોટસએપમાં પી.ડી.એફ. ફાઈલ બનાવી અવશ્ય મોકલી આપવા તેને સતવારા દર્પણમાં છાપવામાં આવશે. જેથી તમારા કાર્યક્રમની સમાજને જાણ થાય તેમજ તેવા કાર્યક્રમો કરવાની અન્ય ગામ કે શહેરને તેના દ્વારા પ્રેરણા મળશે. જે કોઈ સભ્યને સતવારા દર્પણ ન મળતું હોય સરનામું બદલવાનું હોય તો તેની જાણકારી તુરત સતવારા દર્પણના તંત્રીના ઉપર મુજબના મોબાઈલ નં. ઉપર વોટ્સએપ દ્વારા ગ્રાહક નંબર અને સરનામા સાથે અવશ્ય જાણ કરવા વિનંતી છે. તેમની ફરીયાદનો અવશ્ય નિકાલ કરવામાં આવે છે. અને તેની નોંધ લેવામાં આવે છે. તેમને હું હાથથી લખીને અંક કાયમ મોકલી આપું છું. ગ્રાહકોને સંતોષ આપવો એ જ અમારો મુદ્રાલેખ છે. ઘણા સભ્યોએ પોતાના ઘરના સરનામા બદલ્યા છે છતાં પણ હજુ સુધી સતવારા દર્પણના કાર્યાલયને જાણ કરી નથી તેમને અમોએ મોકલેલ અંક પાછા આવે છે. તેઓએ તેમના ઘરના નવા સરનામાની કાર્યાલય ઉપરવોટ્સએપ દ્વારા જાણ કરવા વિનંતી છે. જેથી તેમને અંક મળી શકે.

**લિ.શ્રી ગીરીશભાઈ એસ.લકુમ મહામંત્રીશ્રી સમસ્ત સતવારા મહામંડળ, શ્રી રમણલાલ સી. મકવાણા - તંત્રીશ્રી સતવારા દર્પણ**

## શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ સતવારા ભવન હરીદ્વાર

**વ્હાલા જ્ઞાતિજનો,**

**આપ સહુને જણાવવાનું કે જે પણ ભાઈ-બહેનોને હરિદ્વાર ભવનના નિર્માણમાં દાન-ભેટ આપવાની હોય કે લખાવવાની હોય તો તેઓ નીચે દરેકના સરનામા અને મોબાઇલ નંબર આપેલ છે. પ્રમુખશ્રી માવજીભાઈ પી. નકુમ મો. ૯૫૫૮૩ ૮૯૯૯૯, ૯૮૨૫૦ ૯૫૫૧૬**

**શ્રી હરેશભાઈ શામજીભાઈ જાંબુકીયા - મંત્રીશ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ હરિદ્વાર**

**કાર્યાલયનું સરનામું :** પરામાં, શેરી નં. ૫,હાઇસ્કુલ પાસે, મુ.પો. રાણપુર, જી. બોટાદ-૩૮૨૨૪૫,મો. ૭૦૪૬૪ ૨૫૧૧૧

**સતવારા ભવન હરિદ્વારનું સરનામું :** સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ, સતવારા ભવન-૨૫, સંગમપુરી સોસાયટી, સપ્ત સરોવર રોડ, વૈશ્વવદેવીના મંદિર અને ભારતમાતાના મંદિર વચ્ચે, હરિદ્વાર, ઉત્તરાખંડ,

**સમાજના કોઇપણ વ્યક્તિને હરિદ્વાર જવાનું થાય તો સતવારા સમાજનું ભવન છે. જેને સંપર્ક કરવો હોય તો નીચે જણાવેલ મો.નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી છે.**

**સતવારા સમાજ ભવન હરીદ્વારનો સંપર્ક નં. (મો) ૯૯૯૭૦૬૮૨૫૩, ૯૬૨૭૫૧૪૦૭૩**

**દાનભેટ મોકલવા માટે : શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ**

**બેંકનું નામ : સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, લીંબડી જી.સુરેન્દ્રનગર શાખા, નં.૩૧૭૮૮૧૩૫૦૯૯ IFSC કોડ નં. SBIN 0010991**

**ખાસ નોંધ : જમા કરાવનાર દાતાનું નામ, ગામ, તાલુકો, જિલ્લો મો. નં. કાર્યાલય પર જમા કરાવતાની સાથે જ કાર્યાલયને આની જાણ અવશ્ય કરવી.**

। જય સિદ્ધનાથ મહાદેવ ।

**સતવારા સગપણ**




## સમાજની પ્રગતિ અને મજબૂત પારિવારિક સંબંધોનો મંગલ પ્રારંભ

તમારા સંતાનના સુખમય ભવિષ્ય માટે શ્રેષ્ઠ જીવનસાથીની પસંદગી હવે થશે સાવ સરળ અને સુરક્ષિત. સતવારા જ્ઞાતિના જ સભ્યો દ્વારા સંચાલિત **'સતવારા સગપણ'** મેટ્રિમોની લાવે છે હજારો વિશ્વાસપાત્ર પ્રોફાઈલ્સ.

**તમે કેવું પાત્ર શોધો છો?**

**અમારી એપ્લિકેશન પર આપને મળશે દરેક પ્રકારના પાત્રોની પસંદગી**

- ઉચ્ચ શિક્ષિત
- વિદેશ સ્થિત
- ખેતી અને બિઝનેસ
- સરકારી/ખાનગી નોકરી
- સ્થાનિક વસવાટ

## શા માટે **'સતવારા સગપણ'** પસંદ કરવું?

- **100% વેરિફાઈડ પ્રોફાઈલ** : દરેક બાયોડેટાની પૂરતી ચકાસણી.
- **સંપૂર્ણ ગુપ્તતા** : તમારી માહિતી અને ફોટા સુરક્ષિત હાથોમાં.
- **સ્માર્ટ ફિલ્ટર્સ** : વ્યવસાય, શિક્ષણ અને શહેર મુજબ સચોટ શોધ.
- **PDF સુવિધા** : બાયોડેટા બનાવીને ડાઉનલોડ કરવાની સુવિધા.
- **યુઝર ફ્રેન્ડલી** : વડીલો પણ આસાનીથી વાપરી શકે તેવી એપ.

**આજે જ એપ્લિકેશન ડાઉનલોડ કરો અને યોગ્ય જીવનસાથી શોધો.**

એપ્લિકેશન ડાઉનલોડ કરવા માટે

GET IT ON Google Play — Download Now


Download on the App Store — Download Now

વધુ માહિતી માટે: **+91 70160 80177**

www.satvarasagpan.com

## શુભેચ્છા સહ

### વંદેમાતરમ્





**શંકરભાઈ આર.દલવાડી - પૂર્વ પ્રમુખશ્રી સતવારા મહામંડળ**

**પૂર્વ ચેરમેન ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લીમીટેડ - ગાંધીનગર**

**(પૂર્વ) પ્રમુખશ્રી**

**લીંબડી નગરપાલિકા મો. ૯૮૨૪૫૦૩૯૨૨**

**સતવારા જ્ઞાતિની ભોજનશાળા પાસે,**

**વચલા પરા લીંબડી, જી. સુરેન્દ્રનગર**

---

**શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ**
પ્રમુખશ્રી નંદકિશોરભાઈ એસ.કણઝરીયા લીંબડી
મો. : ૯૮૨૪૨૫૬૪૯૧, ૮૨૦૦૪૧૫૭૬૦

**શ્રી સમસ્ત સતવારા એન્જીનીયર એશોસીએશન**
પ્રમુખ શ્રી એલ. ડી. હડિયલ, મોરબી
મો. ૯૮૨૫૬૪૯૮૫૧,

**શ્રી સતવારા મેડિકલ પેરા મેડીકલ એશોસીએશન**
પ્રમુખશ્રી ડો. લાલજીભાઈ કે. મકવાણા
મો. ૯૮૭૯૫૭૫૨૦૪- બોટાદ

**શ્રી સમસ્ત સતવારા કર્મચારી મંડળ**
પ્રમુખ શ્રી શૈલેષભાઈઝેડ.જાદવ-બોટાદ.મો.: ૯૧૭૩૪ ૪૬૪૨૫

**શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ હરિદ્વાર**
પ્રમુખશ્રી માવજીભાઈ પી. નકુમ, જામનગર
જામનગર મો. ૯૮૨૫૦૯૫૫૧૬

**શ્રી સમસ્ત સતવારા ઉદ્યોગપતિ એશોસીએશન**
પ્રમુખશ્રી અશોકભાઈ સી.કંઝારિયા,ચોટીલા
મો.૯૯૨૫૦૪૮૭૦૦

**શ્રી સમસ્ત સતવારા વિદ્યાર્થી એશોસીએશન**
પ્રમુખ-શ્રી ઉદયભાઈ વી. ચાવડા મો. ૯૮૯૮૬૮૩૦૧૫

**શ્રી સમસ્ત સતવારા સી.એ.એશોસીએશન**
પ્રમુખશ્રી શૈલેષભાઈ બી. જાદવ, સુરેન્દ્રનગર મો.૯૪૨૬૪૩૭૬૮૬

**શ્રી સમસ્ત સતવારા એડવોકેટ એશોસીએશન**
પ્રમુખશ્રી કરશનભાઈ એસ. પરમાર, જામનગર
મો. ૯૮૨૫૯૪૪૧૩૧

## શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટની નમ્ર અપીલ

શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટમાંથી એજ્યુકેશન લોન લીધેલ હોય તેમણે અભ્યાસ પૂર્ણ થયા બાદ લોન હપ્તે પરત જમા કરાવવાની હોય છે. વિદ્યાર્થીઓ તેમજ નવા બનેલ ટ્રસ્ટીઓને બાકી રહેતી રકમ અનુકૂળતા મુજબ નીચે દર્શાવેલ બેંક ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર અથવા ચેક દ્વારા જમા કરાવવી ત્યાર બાદ નીચેના નંબર પર જમા કરાવ્યા અંગેની જાણકારી રકમ, નામ,વિગતનું વેરીફિકેશન કરાવી લેવું.

શિક્ષણ માટે દાન ભેટ આપવા માંગતા હોય તેઓ પણ ઓનલાઈન /ચેક દ્વારા જમા કરાવી શકશે.

### બેંકની વિગત

નામ શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ

બેંકનું નામ બેંક ઓફ બરોડા સેન્ટર પોઈન્ટ શાખા, સ્વામીનારાયણ ગુરૂકુળ પાસે, સરદાર પાર્ક, અંકલેશ્વર, જી.આઈ.ડી.સી.- અંકલેશ્વર-૩૯૩૦૦૨ જી. ભરૂચ

બેંક ખાતાનો પ્રકાર : બચત ખાતુ

**IFSC CODE : BARBoCENPOI**

(પાંચમો અંક જીરો છે)

ખાતા નંબર : **૯૧૨૯૦૧૦૦૦૦૪૪૬૧**

**[91290100004461]**

બેંક ખાતાનો મોબાઈલ નંબર : ૮૨૦૦૮૭૩૨૯૯

**91+(8200873299)**

ઈમેલ : **samastsatvaraeducationtrust@gmail.com**

**ઓફીસ એડ્રેસ : શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ**

**મહામંત્રીશ્રી પ્રા.ડો. કે.એસ.ચાવડા**

બી-૧૧ આદિત્યનગર, વાલિયા રોડ, રાગીણી સિનેમા નજીક સ્વ. મોતીબેન તુલશીભાઈ નકુમ સતવારા વિદ્યાર્થીભવનની બાજુમાં, મુ. ભડકોદરા, તા. અંકલેશ્વર-૩૯૩૦૦૧

જી. ભરૂચ મો.નં. ૮૨૦૦૮ ૭૩૨૯૯

પ્રમુખશ્રી : નંદકિશોરભાઈ એસ. કણઝરીયા

લીંબડી - મો. ૯૮૨૪૨૫૬૪૯૧

# ''હોસ્ટેલ ઈન ગાંધીનગર'' - શ્રી સતવારા બોર્ડિંગ ગાંધીનગર

**Website-www.satvara hostel.org.** ટ્રસ્ટ રજીસ્ટર્ડ નં. એ/૮૫૮/ગાંધીનગર તા. ૨૯/૬/૨૦૨૦

**80 (G) રજી નં. ITBA / EXM /S / 80(G)/2020-21/103140769 (1) dt.11-3-2021**

સતવારા સમાજના તમામ આદરણીય જ્ઞાતિજનોને અમારા વંદન જય સિદ્ધનાથ....

આપણે સૌ જાણીએ છીએ કે, આજના સમયમાં શિક્ષણનું અનેરૂ મહત્વ છે. **''જે સમાજ શિક્ષિત, તે સમાજ વિકસિત''** એ આજના સમયની હકીકત છે. મિત્રો જ્યારે સમાજમાં શિક્ષણનું બહુ મહત્વ ન હતું ત્યારે પણ સમાજના દુરંદેશી વડીલોએ સમાજને શિક્ષિત કરવામાં અને સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ ભોગ આપેલો હતો. શિક્ષણ માટે જાગૃતિનો અભાવ તેમજ માણસોની નબળી આર્થિક પરિસ્થિતિમાં પણ છાત્રાલયનું નિર્માણ કરેલું. બસ એ જ રાહ પર ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં અતિ આધુનિક છાત્રાલયના નિર્માણ માટે ૫.૨૫ વિઘા જગ્યા ગાંધીનગર ખાતે અમદાવાદ હાઈવેથી ખૂબ જ નજીક જમીન ખરીદ કરવામાં આવેલ છે. તેમ જ હંગામી ધોરણે બાંધકામ કરીને વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલી છે.

હાલમાં બોર્ડિંગ ચાલુ કરેલ ત્યારથી ૨૫ વિદ્યાર્થીઓ અહીંયા રહીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે. તેમજ આજુબાજુની કોલેજની ડિગ્રી/ ડિપ્લોમાનો અભ્યાસ કરે છે. **હાલમાં વિદ્યાર્થીઓ માટે એડમિશન વહેલા તે પહેલાના ધોરણે ચાલુ છે.** શ્રી સમસ્ત સતવારા સમાજ સમાજ શૈક્ષણિક અને ચેરિટેબલ ટ્રસટ **ગાંધીનગર ટ્રસ્ટનું 80 (G) તેમજ 12AA પ્રમાણપત્ર આવી ગયેલ છે.** તો દાન આપનાર દાતાઓ ઈન્કમટેક્ષનો લાભ લઈ શકશે. તેથી નોકરી કરતા ભાઈઓ-બહેનો અને બિઝનેસમાં ઈન્કમટેક્ષ ભરતા બધા જ મિત્રોને સંસ્થામાં દાન આપીને ઈન્કમટેક્ષનો લાભ લેવા વિનંતી છે.

હાલના સમયમાં સરકારી નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી ફરજિયાત છે. તેથી ગાંધીનગર ખાતે **IAS, IPS, Collector,** પ્રાંત અધિકારી , મામલતદાર, તલાટી વગેરે સરકારી હોદ્દા માટે અનેક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેનું એક બિલ્ડીંગનું બાંધકામ કરવાનું વિચારેલ છે. તેથી ગાંધીનગર ખાતે હોસ્ટેલ કે બોર્ડિંગનું અનેરૂ મહત્વ છે. અને સાંપ્રત સમયમાં જરૂરિયાત પણ છે. સતવારા સમાજ માટે ખૂબ જ ઉપયોગી અને મહાકાય પ્રોજકટને જુજ માણસો હાથ પર લેશે તો પહોંચી વળાય તેમ નથી. તેથી




આપણે સૌ સાથે મળીને તન-મન-ધનથી સહકાર આપીશું તો ગમે તેવા મોટા પ્રોજેકટને પણ આસાનીથી પાર પાડી શકીશું. સમાજના વિકાસની વાતો કરવાથી અને ઘરે બેસી રહીને ચિંતા કરવાથી સમાજનો વિકાસ થવાનો નથી માટે આપણા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે બોર્ડિંગનું નિર્માણ થવું ખૂબ જ જરૂરી છે. માટે આશા રાખીએ છીએ કે, આ લેખ વાંચ્યા બાદ સમાજના દરેક વ્યક્તિ શિક્ષણ માટે જાગૃત થશે એવી અમને પૂરી શ્રદ્ધા છે. અને સમાજના આ શિક્ષણરૂપી ભવ્ય સરસ્વતી મંદિરના નિર્માણમાં સામે ચાલીને સહયોગ કરશો. આપણે બધાએ આ સમાજને આગળ લાવવા મહેનત કરવી પડશે. તો આવો આપણે સાથે મળીને આ ભગીરથ કાર્યને તન-મન-ધનથી સહયોગ કરીએ જય સતવારા જય હિન્દ

**દાન આપવા માટે બેંક ખાતાની વિગત નીચે મુજબ છે. અને આપના દ્વારા કરેલ દાનની રકમ 80 (G) માં બાદ મળશે. PAN No. AAZTS9683C**

**શ્રી સમસ્ત સતવારા સમાજ શૈક્ષણિક અને ચેરીટેબલ ટ્રસ્ટ-ગાંધીનગર**

**બેન્કનું નામ : બેંક ઓફ બરોડા, ખાતા નં. ૪૫૯૭૦૨૦૦૦૦૨૧૭૩**

**IFSC** કોડ : **BARBoSARGAS** (પાંચમો અંક શૂન્ય છે.) શાખા : સરગાસણ ચોકડી, ગાંધીનગર

**સંપર્ક : શ્રી નરેશભાઈ કણઝારીયા- ૯૦૯૯૨ ૮૮૫૫૫**

**શ્રી ગોકુલભાઈ ડાભી : ૯૯૭૯૮ ૯૬૨૦૧**

**શ્રી કૈલાશભાઈ કણઝારીયા : ૯૫૧૦૯, ૫૭૮૯૯,**

**શ્રી અશોકભાઈ ચાંપાનેરી : ૯૮૨૪૧ ૧૦૮૨૪**

શ્રી સતવારા જ્ઞાતિ મંડળ (સાર્વ ટ્રસ્ટ રજી. નં. એ ૨૫૦૫, તા. ૦૬-૦૨-૧૯૯૧)

# શ્રી સમસ્ત સતવારા કન્યા છાત્રાલય રાજકોટ

સૈનિક સોસાયટી પાછળ, નાગેશ્વર મંદિર પાસે, જામનગર હાઈવે રોડ, રાજકોટ

આપ શ્રી જાણો છો કે રાજકોટ એ સૌરાષ્ટ્રનું પાટનગર કહેવાય અને શિક્ષણનું મુખ્ય કેન્દ્ર પણ છે. રાજકોટમાં આપણા સમાજની ૪૦૦ થી વધારે દીકરીઓ ભાડાના મકાનમાં રહીને અભ્યાસ કરે છે. ઘણી તેજસ્વી અને હોંશિયાર વિદ્યાર્થીનીઓ (દીકરીઓ) તેમના પિતાની આર્થિક પરિસ્થિતિ સાધારણ કે નબળી હોવાથી રાજકોટ જેવા શહેરમાં ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી જાય છે. પરંતુ રાજકોટમાં દીકરીઓ માટે બોર્ડિંગની વ્યવસ્થા ન હોવાથી અભ્યાસ કરી શકતી નથી. તેથી ગેસ્ટ હાઉસ, ધર્મશાળા કે હોટેલમાં રોકાવું પડે છે. જે આ સમયમાં યોગ્ય જણાતું નથી. રાજકોટમાં કન્યા છાત્રાલય હોવું એ આજના સમયની ખાસ જરૂરિયાત છે.

ગુજરાત સરકારશ્રીએ કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે સમાજને ૨૦૦૦ વાર જેટલી જમીન બજાર ભાવથી ૫૦ ટકા (અડધી કિંમતે) ગુજરાત ભરના સમાજના દાતશ્રીઓના સહયોગથી મેળવેલ છે. જેમાં ટૂંક સમયમાં અદ્યતન ભવનનું બાંધકામ શરૂ કરવાનું હોય સમગ્ર સમાજને અમારી ખાસ નમ્ર અપીલ છે કે આપ સૌ ઉદાર હાથે દાન આપી આ મહાયજ્ઞના ભાગીદાર બનો એવી આશા અને અપેક્ષા-સહ શિક્ષણરૂપી ગંગાપ્રવાહમાં જોડાઈ આ ભગીરથ કાર્યને આપણે સૌ દાન રૂપી આહુતિ આપી વહેલામાં વહેલી તકે દીકરીઓ માટે વિદ્યાર્થી ભવન પૂરૂ કરીએ તેવી નમ્ર વિનંતી.

કન્યા છાત્રાલયના નિર્માણમાં આપ વધુ ને વધુ દાન આપો તેમજ બીજાને દાન આપવા માટે સમજાવો અને જે લોકોએ અગાઉ દાન નોંધાવેલ છે તેઓએ તાત્કાલિક દાન જમા કરવા વિનંતી કરવામાં આવે છે.

## દાન યોજના

**(૧) ૧૧,૦૦૦/- તકતીમાં નામ**

**(૨) ૧૫,૦૦૦/- એકવાર ભૂમિદાનની તકતીમાં નામ**

**(૩) ૨૫,૦૦૦/- તકતીમાં બે વ્યક્તિના નામ**

**(૪) ૫૧,૧૧૧/- તકતીમાં પરિવારનું નામ**

**(૫) ૧,૧૧,૧૧૧/- ગાળાના દાતાશ્રીની નામની તકતી**

**(૬) ૧,૫૧,૧૧૧/- દસ (૧૦) વાર ભૂમિદાનની તકતી**

**(૭) ૨,૫૧,૦૦૦/- રૂમના દાતાશ્રી**



**(૮) ૩,૦૦,૦૦૦/- વહીવટી ઓફીસ દાતાશ્રી**

**(૯) ૫,૫૧,૧૧૧/- રસોડું તેમજ સ્ટોરરૂમ દાતાશ્રી**

**(૧૦) ૧૧,૧૧,૧૧૧/- પ્રાર્થના હોલના દાતાશ્રી**

**(૧૧) ૧૧,૧૧,૧૧૧/- ભોજનાલય (અન્નપૂર્ણા હોલ)ના દાતાશ્રી**

**(૧૨) ૧૧,૧૧,૧૧૧/- મંદિરના દાતાશ્રી**

**(૧૩) ૨૫,૦૦,૦૦૦/- એક માળ-એક વિંગના દાતાશ્રી (A વિભાગ)**

**(૧૪) ૨૫,૦૦,૦૦૦/- એક માળ-એક વિંગના દાતાશ્રી (B વિભાગ)**

**(૧૫) ૧,૧૧,૧૧,૧૧૧/- કન્યા છાત્રાલયના મુખ્ય દાતાશ્રી (ભવનનું નામકરણ)**

## શ્રી સતવારા કન્યા છાત્રાલય રાજકોટ બેંક એકાઉન્ટ ડિટેઇલ

Name:-SHREE SATWARA KANYA CHHATRALAY RAJKOT (શ્રી સતવારા કન્યા છાત્રાલય રાજકોટ)
ACCOUNT NO : 101294600000091,
ISFC CODE : YESB0001012
BANK NAME : YES BANK,
BARNCH - RAIYA ROAD BRANCH

**દાન નોંધાવવા સંપર્ક કરવો (પત્ર વ્યવહારનું સરનામું)**

સતવારા વિદ્યાર્થી ભવન, રાજકોટ, સરસ્વતી પાર્ક,
રૈયા સર્કલ પાસે, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭
શ્રી શાંતિભાઈ પરમાર (પ્રમુખશ્રી) ૯૮૨૫૩૭૬૯૩૨
શ્રી ભગવાનજીભાઈ પરમાર (ઉપ પ્રમુખશ્રી) મો. ૯૨૭૬૦૮૭૦૦૪
શ્રી માવજીભાઈ મારવિયા (મંત્રીશ્રી) ૯૪૨૮૨૫૮૬૦૦
શ્રી વિજયભાઈ ખાંદલા (સહમંત્રીશ્રી) ૮૮૬૬૬૪૧૯૦૧
શ્રી હીરાભાઈ કણજારીયા (ખજાનચી) ૯૮૨૪૪૭૭૦૮૫

# સમસ્ત સતવારા સમાજ વાપી - વલસાડનું ૨૫ મું સ્નેહમિલન

"જય સિદ્ધનાથ" શ્રી સમસ્ત સતવારા સમાજ વાપી-વલસાડ સ્નેહમિલન વર્ષ ૨૫મું તા. ૦૪-૦૧-૨૦૨૬ રવિવારના રોજ નેશનલ હાઈવે નં. ૪૮, જલારામ મંદીર હોલમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ યોજવામાં આવેલ હતું. આ સ્નેહમિલનમાં વલસાડ જિલ્લાના ઉપરાંત સેલવાસ (દાદરાનગર હવેલી) અને દમણથી બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો સહ પરિવાર સાથે ઉમળકાભેર ઉપસ્થિત રહ્યા હતા. આ સ્નેહ મિલનની શરૂઆત સિદ્ધનાથ મહાદેવની આરતીથી કરવામાં આવી હતી આ સ્નેહમિલનમાં વલસાડ, વાપી, પારડી ઉમરગામ અને ધરમપુર સેલવાસ, અને દમણથી તેમજ અન્ય ગામથી પધારેલ મહેમાનોનું સ્વાગત પુષ્પ અર્પણ કરીને કરવામાં આવેલ હતું. તેમજ જ્ઞાતિજનોનું શબ્દોથી સ્વાગત પ્રમુખ શ્રી જયેશભાઈ બુમતારીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સમાજના બાળકોએ નૃત્ય, કાવ્ય પઠન, શ્લોક, વાર્તા, વિગેરે રજુ કરેલ હતા આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક બાળકોને ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. (ભાગ લેનાર બાળકો કુલ સંખ્યા ૩૦) તથા નર્સરીથી કોલેજ સુધીનાં બાળકોને પણ સમાજ તરફથી જનરલ ઈનામ આપીને પ્રોત્સાહિત કરેલ (ભાગ લેનાર બાળકો કુલ સંખ્યા ૭૮). તથા ધોરણ ૪ થી ૧૨ સુધીના બાળકોને ૧ થી ૩ નંબર આવેલ બાળકોને સમાજ તરફથી ટ્રોફી આપેલ. ભાગ લેનાર દરેક બાળકોને ઈનામ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. (ભાગ લેનાર બાળકો કુલ સંખ્યા ૨૦) તેમજ સમાજની બહેનોએ પણ સમાજને મદદરૂપ થયા. આર્થિક યોગદાન આપવાનો સંકલ્પ કર્યો હતો. આ કાર્યક્રમ બાદ સમાજની વાર્ષિક મીટીંગ રાખવામાં આવેલી હતી. આ સ્નેહમિલનમાં હાજર રહેલા તમામ સભ્યો અને મહેમાનશ્રીઓ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ જમણવારના દાતાઓ આ પ્રમાણે હતા (૧) બુમતારીયા શ્રી રણછોડભાઈ ભોજાભાઈ વાપી (૨) બુમતારીયા શ્રી દિલીપભાઈ હરીભાઈ વાપી (૩) બુમતારીયા શ્રી રાઘવભાઈ મોતીભાઈ વાપી (૪) શ્રી પરમાર પરસોત્તમભાઈ તરસીભાઈ ધરમપુર (૫) શ્રી મઘોડિયા રતીલાલભાઈ આંબારામભાઈ વાપી (૬) શ્રી કણઝારીયા બળદેવભાઈ દેવસીભાઈ વાપી (૭) શ્રી નકુમ પ્રફુલભાઈ વલ્લભભાઈ ઉદવાડા આ દરેક આગેવાનોનો ખુબ ખુબ આભાર અને અભિનંદન ...આ સ્નેહમિલનને સફળ બનાવવા સમાજના પ્રમુખશ્રી જયેશભાઈ બુમતારીયા અને ઉપપ્રમુખશ્રી પ્રભુભાઈ પરમાર, મંત્રી શ્રી મણીભાઈ કટેશીયા, સહમંત્રી શ્રી દિપભાઈ બુમતારીયા, ખજાનચી શ્રી યશભાઈ નકુમ, સંગઠન મંત્રી શ્રી રાજેશભાઈ જાદવ, અને સહ ખજાનચી શ્રી ધર્મેન્દ્રભાઈ પરમાર અને કારોબારીના સભ્ય, આગેવાનો તેમજ કાર્યકરોએ, દાતાઓએ તન મન અને ધનથી સાથ સહકાર આપ્યો હતો. આ કાર્યક્રમને દિપાવનાર નામી અનામી તમામ ભાઈઓ, બહેનોને ખુબ ખુબ અભિનંદન સ્નેહ મિલનમાં જનરલ ઈનામ (બોલપેન સેટ-૧) દાતાની યાદી (૧) બુમતારીયા દયાળજીભાઈ વીરજીભાઈ - ધરમપુર સ્નેહ મિલનમાં ટ્રોફીના ઈનામોનાં દાતાઓની યાદી (૧) કટેશીયા વાસંતીબેન માધવજી-સરીગામ(૨) કટેશીયા અનસુયાબેન મણિલાલ-સરીગામ આવેલ દરેક ભાઈઓ બહેનો તથા વિદ્યાર્થીઓ ખુબ ખુબ આભાર.

**સંકલન : મણીલાલ કટેશીયા - મંત્રી શ્રી વાપી**

## શ્રી સમસ્ત સતવારા સમાજ વાપી-વલસાડ-૨૦૨૬ ૨૫ મું ઇનામ વિતરણ તેજસ્વી વિદ્યાર્થીઓ

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ધોરણ | ટકાવારી % | ગામ | ક્રમાંક |
|---|---|---|---|---|---|
| | | **ધોરણ - ૪** | | | |
| ૧. | કડિયા માહી ચિરાગકુમાર | ૪ | ૯૫.૭૦ | વલસાડ | પ્રથમ |
| ૨. | પરમાર પૂર્વ પરસોતમભાઈ | ૪ | ૯૧.૯૧ | ધરમપુર | દ્વિતીય |
| ૩. | નકુમ નિસર્ગ પ્રદીપકુમાર | ૪ | ૮૯.૫૦ | વલસાડ | તૃતીય |
| | | **ધોરણ - ૫** | | | |
| ૪. | જાદવ વૈભવી ગગજીભાઈ | ૫ | ૭૦.૭૧ | ભીલાડ | પ્રથમ |
| ૫. | પરમાર તનિષ સુરેશભાઈ | ૫ | ૬૧.૧૬ | ઉદવાડા | દ્વિતીય |
| | | **ધોરણ - ૬** | | | |
| ૬. | નકુમ હેમાંગી હિમંતભાઈ | ૬ | ૯૦.૧૪ | દમણ | પ્રથમ |
| ૭. | કણઝારીયા હર્ષ કિશોરભાઈ | ૬ | ૮૫.૬૯ | વાપી | દ્વિતીય |
| | | **ધોરણ - ૭** | | | |
| ૮. | ધારવિયા વૈદેહી પ્રફુલભાઈ | ૭ | ૯૧.૦૭ | વલસાડ | પ્રથમ |
| ૯. | જાદવ સિદ્ધિ ગગજીભાઈ | ૭ | ૮૩.૪૨ | ભીલાડ | દ્વિતીય |
| ૧૦. | જાદવ રૂદ્ર બલદેવભાઈ | ૭ | ૭૪.૦૦ | વાપી | તૃતીય |
| | | **ધોરણ - ૮** | | | |
| ૧૨. | નકુમ જયરાજ હિંમતભાઈ | ૮ | ૯૫.૪૩ | દમણ | દ્વિતીય |
| ૧૧. | બુમતારીયા જશ જયેશભાઈ | ૮ | ૯૩.૦૬ | વાપી | પ્રથમ |
| ૧૩. | નકુમ ધ્રુવીન દિલીપભાઈ | ૮ | ૮૭.૦૦ | દમણ | તૃતીય |
| | | **ધોરણ - ૯** | | | |
| ૧૪. | મઘોડિયા નિયતીબેન રતિલાલભાઈ | ૯ | ૭૬.૫૭ | વાપી | પ્રથમ |
| | | **ધોરણ - ૧૦** | | | |
| ૧૫. | પરમાર મિહિર હેમંતભાઈ | ૧૦ | ૯૨.૫૦ | વલસાડ | પ્રથમ |
| ૧૬. | કટેશીયા ખુશ્બુ માધવજીભાઈ | ૧૦ | ૮૦.૮૩ | સરીગામ | દ્વિતીય |
| | | **ધોરણ - ૧૧** | | | |
| ૧૭. | બુમતારીયા અંકિત રાઘવભાઈ | ૧૧ | ૭૨.૦૦ | વાપી | પ્રથમ |
| | | **ધોરણ - ૧૨** | | | |
| ૧૮. | બુમતારીયા મહેકબેન રાઘવભાઈ | ૧૨ | ૭૦.૧૩ | વાપી | પ્રથમ |
| ૧૯. | મઘોડિયા હાર્દિક રતિલાલભાઈ | ૧૨ | ૮૮.૦૮ | વાપી | દ્વિતીય |




શ્રી સમસ્ત સતવારા સમાજ, વાપી
ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર A-987 વલસાડ
તા. વાપી, જિ. વલસાડ
તા. 04.01.2026
આપનું હાર્દિક સ્વાગત કરે છે.




શ્રી સમસ્ત સતવારા સમાજ
વાપી વલસાડ
DOMS
INXTRA
The writing revolution











# ચિત્રકુટ નૈમીષારણ્ય અયોધ્યા છપૈયા ભેડાઘાટ યાત્રા પ્રવાસ



ડો. આર.ડી. રાઠોડ -જામનગર
મો. ૭૪૦૫૨૦૨૭૧૯

વ્હાલા વાંચક જ્ઞાતિ ભાઈ-બહેનો

અગાઉના વર્ષોમાં મારા ભારતભરના તથા વિદેશના પ્રવાસો જેવા કે યુ.કે. લંડન, અમેરિકા, કેનેડા, સિંગાપોર, મલેશિયા, થાઈલેન્ડ, દુબઈ, નેપાળ, કેરલ, નોર્થ ઈસ્ટ, તવાંગ, જેસલમેર, જગન્નાથ વિ. લેખો આપના તરફથી પ્રોત્સાહક જવાબો માણીને હાલમાં એ મિત્રો સાથે ચિત્રકુટ (રામકથા), નેમિષારણ્ય છપૈયા અયોધ્યા યાત્રા પ્રવાસ કરેલ છે જે વાંચી માર્ગદર્શન મળી શકે તો વાંચી આભારી કરશો.

અમો જામનગરથી અમદાવાદ થઈને ચિત્રકુટ ટોટલ ૬૨ (બાસઠ) ભાઈ-બહેનો ચિત્રકુટ રણછોડદાસજીના આશ્રમે જે ફાઈવ સ્ટાર જેવી સગવડ વાળા રૂમો, અને કથાનું પ્રાંગણ પણ પહોળું હતું. ત્યાં રામકથા સાત દિવસ સવારથી બપોર અને બપોર બાદ ચિત્રકૂટના જોવા લાયક સ્થળોમાં કામદગીરી પર્વત (પ્રદક્ષિણા), લક્ષ્મણ પહાડી (રોપવે) હનુમાનધારા રામઘાટ, તુલસીઘાટ, જાનકી કુંડ, સ્ફટીક શિલ્ડ સતી અનસુયા આશ્રમ, ગુપ્ત ગોદાવરી, તુલસી પીઠ સેવાન્યાસ મંદિર જ્યાં સુરદાસ શ્રી રામભદ્રાચાર્ય આશ્રમ મંદિર જે મંદાકિનીને કાંઠે ના દર્શન જઈ શકાય.

રણછોડદાસજી મહારાજના આશ્રમમાં જેમ રાજકોટ વિગેરે એ સ્થળોએ મોતિયાના ઓપરેશન થાય છે તેમ ત્યાં મોટી હોસ્પિટલોમાં મોતીયા, અપંગો માટેના ઓપરેશન આયુર્વેદ હોસ્પીટલ (સાર્વજનિક), ઉપરાંત નર્સીંગ સ્કુલ પણ ચાલે છે

હવે પ્રવાસની શરૂઆત (૧) કામદગીરી પર્વતની પ્રદક્ષિણા માટે રીક્ષા કે ટેક્સીમાં જઈ શકાય. જ્યાં પહેલો પ્રવેશદ્વાર મુખ્ય મંદિર દર્શન, પછી રસ્તામાં લક્ષ્મણ પહાડી ઉપર રોપ વે દ્વારા, સ્વામી વિવેકાનંદ કૃષિ, યુનિ, પીલી કોઠી આશ્રમ, શિર્વાશ્રન્ય આશ્રમ કહેવાય છે કે સંસ્કૃતિક જેટલો નાના મોટા મંદિરો છે (૨) સ્ફટીક શિવોલમ મંદાકિની નદીને કાંઠે જ્યાં શિવોલમ અને સિતા સાડીનું મહત્વ છે. (૩) અનસુયા આશ્રમ - જ્યાં આટલું રામાયણ અને સતિ અનસુયાનું સતિત્વ માપવા બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ, ગયેલ સતીઓ તેઓને બાળ સ્વરૂપ બનાવી દીધેલ (૪) ગુપ્ત ગોદાવરી : કે જ્યાં પરથી પાણી વહે છે તે પક્ષી ગુફામાં જાય છે એટલે પર્વત રૂટ યાત્રીઓએ ગોઠણ સુધી પાણીમાં ચાલવું પડે છે.(૫) ભરત કુપ (કુંડ) જે કામદગીરી પ્રદક્ષિણામાં રૂટમાં જે આવે છે ત્યાં કુંડ (કૂવામાંથી પાણી સીંચીને ચરણામૃત અને સ્નાન પણ કરી શકાય છે ત્યાં ચાર ભાઈ રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન મંદિર છે ત્યાંથી લક્ષ્મણ ટેકરી પર રોપ-વે દ્વારા રામશય્યાના દર્શન કર્યા. (૬) હનુમાનધારા : જે હનુમાન પહાડી પરથી પાણી વહે છે ત્યાં જવા માટે પહાડી પર જીપ દ્વારા અને નીચે તળેટીમાંથી રોપ વે દ્વારા જવાય છે પહાડી ઉપરથી નીચે હનુમાન ધારા સુધી ૨૫૦ પગથિયાં, ઉતરવા અને ચડવા પડે છે જ્યારે રોપ વે ડાયરેકટ હનુમાનધારા સુધી લઈ જાય છે (ટેકસી કે રીક્ષાભાઈ સાથે ચોખવટ કરી લેવી. (૭) રામઘાટ : જ્યાં તુલસીદાસે રઘુવીરને તિલક કરે તે મંદાકિની નદીને કાંઠે જ્યાં સાંજની દિવાની આરતીનું મહત્વ છે (જે બોટમાં બેસીને લાભ લઈ શકાય છે. અમારે કથા સાંભળીને એક દિવસ વચમાં ચિત્રકુટથી જબલપુર નર્મદાને કાંઠે ભેડાઘાટ ધુવાધારનો લાભ લેવા નીકળ્યા રાત્રી ટ્રેનમાં ૨૨ વ્યક્તિઓ સવારે જબલપુર ઉતરીને ભેડાઘાટ જવા નીકળ્યા (૮) ભેડાઘાટ - ધુંવાધાર દર્શન : ભેડાઘાટ જબલપુર રેલ્વે સ્ટેશનથી સરકારી બસમાં પહોંચી (કિ.મી.૩૫) જ્યાં અમો એ રીક્ષામાં ફર્યા (૧) ભેડાઘાટ પંચવટી : જ્યાં નર્મદામાં બોટીંગ પણ કરી શકાય છે ત્યાં ત્રણ નદીઓનો સંગમ છે નર્મદા, બાણગંગા અને ગૌમુખગંગા છે. (૨) હરેકૃષ્ણ આશ્રમ : જે નર્મદાને કાંઠે છે અને ત્યાંથી નર્મદાની પંચકોશી પરિકમ્માની શરૂઆત થાય છે (૩) ૬૪ **જોગણી મંદિર** : જ્યાં માતાજીનું મંદિર અને ૬૪ જોગણીઓની મૂર્તિઓ છે પણ તે માટે ૩૫૮ પગથીયા ચડીને જઈ શકાય છે. (૪) પંચ મહાદેવ મંદિર : પાંચ મહાદેવોના મંદિર છે (૫) ભેડાઘાટ જે નર્મદાનદીને કાંઠે છે ત્યાંથી સંગમ દેખાય છે (૭) પશુપતીનાથ મંદિર : જે ટેકરી ઉપર છે ત્યાં નજીકમાં લક્ષ્મીનારાયણ મંદિરના દર્શનનો લાભ લીધો. પછી છેલ્લે (૭) ધુંવાધાર : કે જે મારે અમારૂં સ્વપ્ન હતું કે જીસ દેશમેં ગંગા બહતી હૈ માં રાજકપુર તરાપામાં બેસી નર્મદા નદીની ઉંચી ભેખડ જોવા

આરસપહાણો વચ્ચે નર્મદામાં જે ધોધ વહે છે ને પાણી પડતા જે ધુંવા (ધુમ્મસ) જેવું સર્જાય છે ધુંવાધારના દર્શન કર્યા.

પાછા અમો રાત્રે ટ્રેનમાં જબલપુરથી ચિત્રકુટ પહોંચ્યા બીજે દિવસે રામકથાની પૂર્ણાહુતિ અને રામકથાની પોથીની પધરામણી જામનગરના ફોટોગ્રાફર શ્રી હરિશભાઈ પરમારનું કુટુંબ અને યાત્રાના આયોજક શ્રી દેવેન્દ્રસિંહ જાડેજા હતા જેઓ તરફથી દરેક યાત્રાળુઓને રામ-લક્ષ્મણ-જાનકીની મૂર્તિ અર્પણ કરવામાં આવેલ.

ચિત્રકુટમાં રામકથા સાથે દરેક સ્થળોના દર્શન માણી અમો ૧૩ વ્યક્તિઓએ નક્કી કર્યું કે હવે અયોધ્યાનાં રામમંદિર રામલલ્લાના દર્શનના લાભ લેવો એટલે ત્રણ ગાડીઓમાં બેસી ચિત્રકૂટથી અયોધ્યા જવા રવાના થયા વાયા બાંદ્રા, ફતેહપુર, કાનપુર, ઉનાવા, થઈને બસમાં આવતા નૈમીષારણ્ય જવા રવાના થયા.

**નૈમીષારણ્ય :** જ્યાં પહોંચીને વિનાયક ધામમાં ઉતારો કર્યો, બાજુમાં જ ચક્રતિર્થ , સુવર્ણસ્તંભ, લલિતા દેવી મંદિર, કાલીપીઠ, સૂતગદી, વ્યાસમંદિર, પીઠ પાંચ પાંડવ દ્રૌપદી માતા મંદિર, હનુમાન ગઢી ચક્ર ગદા અને સરોવરના દર્શન કરી બીજે દિવસે દધિચી આશ્રમના દર્શન કરી સીતાપુરને રસ્તે થઈ વાધા ફતેહપુર વિસવા, મહેમદાબાદ થઈને સાંજે અયોધ્યા પહોંચ્યા. જ્યાં સ્ટેશનથી અને સ્ટીમ મંદિરથી ૧ (એક) કિ.મી. વચ્ચે રઘુકુળ હોમસ્ટે, કૌશલકુંજ, કોલોનીમાં લક્ષ્મી પંઇગગેસ્ટ હોમસ્ટોમાં ઉતર્યા.

છપૈયા દર્શન અયોધ્યાની નજીક ૩૫ કિ.મી. શ્રી સહજાનંદ સ્વામીનું જન્મ સ્થળ (ઘનશ્યામ મહારાજ) છપૈયા અમો ૭ વ્યક્તિઓ એ સવારની આરતીનો લાભ લીધો જન્મ સ્થળનું ઘર એમનેએમ છે જેના પર મંદિર બાંધવામાં આવેલ છે. બાજુમાં બીજું મંદિર છે તેનાં પણ દર્શનનો લાભ લીધો મંદિરની સામે જ ઘનશ્યામ મહારાજ જ્યાં સ્નાન કરવા જતા તે ઘનશ્યામ સરોવરના પણ દર્શન કર્યા. છપૈયા દર્શન કરી પરત અયોધ્યા આવી પ્રથમ રામલક્ષ્મણ દર્શન માટે રામમંદિર તરફ પગપાળા રવાના થયા.

**રામલલ્લાના દર્શન :** દર્શન માટે યાત્રાળુઓને ૧-૨ કિ.મી. ચાલવું પડે પછી સીનીયર સીટીઝનો માટે ટુવ્હીલરની સગવડ છે તે માટે ઓરીજીનલ આધાર કાર્ડ હોવું જોઈએ અમોને વ્હીલચેર વાળુ હરીઓમ છેક રામલલ્લા સુધી ૧૫ મીનીટમાં લઈ ગયા. દર્શન કરી પાવન થઈ પરત અમો આવી મંદિર સામે જ બિરલા ભવનના રસોડામાં જમ્યા. સાંજે ૫ વાગે આવી સરયુ નદીને કાંઠે ઘાટ પર સ્નાન, નદીમાં બોટીગનો લાભ લીધો. (જે રામકી પૈરી પણ કહેવાય છે)

બીજે દિવસે સવારે અમારે અયોધ્યા દર્શને જવાનું હતું એટલે ૪-૫ વચ્ચે રીક્ષામાં નીકળ્યા પેલા કનકભવની કે જે રામે લગ્ન પછી સીતામાતા માટે બંધાયેલ જ્યાં સીતા માતાનું રસોડાનાં દર્શન કર્યા. ત્યારબાદ દશરથરાજાના મહેલના દર્શન કર્યા પછી વ્હીલ ચેરમાં બેસીને ઢાળીયો ચઢી હનુમાન ગઢી ગયા, ખૂબ જ ગીર્દી હતી પણ ૭૬ પગથિયા ચઢ્યા બાદ જ હનુમાન મહારાજાના દર્શન ૧નો લાભ મળ્યો ત્યાંથી નૃસિંહ ભગવાનના મંદિર (ઘણા મુખવાળા) ના દર્શન કર્યા પછી હનુમાનજી જે મણી પર્વત ઉપાડી સંજીવની જડીબુટ્ટી લાવેલ તેના દર્શન કરી પાછા ઉતરી અયોધ્યા થી ૮-૧૦ કિં.મી. દુર સૂર્ય કુંડ (સુરજકંડ)ના દર્શને ગયા જ્યાં સરોવરના પણ દર્શન કરી પાવન થયા પરત અયોધ્યામાં રામમંદિર સામે (બિરલા ભવન ભોજનગૃહમાં) ભોજન કરી તૃપ્ત થયા બપોરે આરામ કર્યો, કારણ કે સાંજે અમારી ટ્રેન ૫ વાગ્યાની હતી (જે વારાણસી-અમદાવાદ - સાબરમતી એક્સપ્રેસ ૬ વાગે ટ્રેન હતી એટલે ૬-૪૦ એ ઉપડયા, વાયા બીના ઉજ્જૈન રતલામ દાહોદ ગોધરા, છાયાપુરી (વડોદરા) નડીયાદ, ખેડા, થઈને અમદાવાદ ઉતર્યા પછી ૪।। વાગે સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં બેસી જામનગર પહોંચ્યા જ્યાં હિરેન - પાયલ ગાડી લઈને આપણા બગીયા ભાઈને સાથે લઈ ૧૨।। વાગે સુખરૂપ ઘેર પહોંચી ગયા. આમ અમારી ટોટલ ૧૫ દિવસ (૭ દિવસ ચિત્રકૂટ રામકથા સાથે દર્શન) અને બે દિવસ નૈમીષારણ્ય, અયોધ્યા. છપૈયા વિ.ના દર્શન કરી પાવન થયા. અને હનુમાન મહારાજ શ્રી રામચંદ્ર ભગવાન અને નમામિ દેવી નર્મદે એ અમારો સ્વપ્ન પૂરો કર્યો.

આ યાત્રાના આયોજક શ્રી દેવેન્દ્રસિંહ જાડેજા, શ્રી રામકથાની પોથીના યજમાન શ્રી ગીરીશભાઈ પરમાર અને તેના કુટુંબીજનો અને મારી આ યાત્રાના માર્ગદર્શક સીનીયર સીટીઝનના મંત્રી શ્રી ભાસ્કરભાઈ જોશી અને મારા બંને રૂમ પાર્ટનરો શ્રી બાલકૃષ્ણ શુકલજી અને શ્રી નરેન્દ્રભાઈ દવે સૌ યાત્રા સુખરૂપ બની. તે માટે અભિનંદનના અધિકારી છે બસ હવે કંઈ ખોટું નથી માટે સૌનો આભાર માની વિરમું છું. બોલો શ્રી રામચંદ્ર ભગવાનકી જય

**હનુમાન મહારાજ કી જય - જય સિયારામ**

**ડો. આર.ડી. રાઠોડ - જામનગર**

**આ તકે સમસ્ત સતવારા મહામંડળને**

**રૂ. ૧૦૦૦/- ભેટ આપેલ છે.**

# ચિત્રકુટ અયોધ્યા યાત્રાના સંભારણા



ચિત્રકુટ તુલસીપીઠ સેવાન્યાસ શ્રી રામભદ્રાચાર્ય મહારાજ



ચિત્રકુટ રણછોડરાયજી આશ્રમ રામકથા પોથી



ચિત્રકુટ હનુમાનધારા રોપવે



ચિત્રકુટ-રામકથા રામ-લક્ષ્મણ-જાનકી મૂર્તિ અર્પણ



ચિત્રકુટ કામદગીરી પર્વત મુખ્ય મંદિર દર્શન



ભેડાઘાટ-જબલપુર ૬૪ જોગણી મંદિર ૩૫૮ પગથિયા દ્વારે




ચિત્રકુટ ભરતકુંડ (કુપ) પાસે ડો. રાઠોડ



ચિત્રકુટ- ચારભાઈઓનું મંદિર ભરતકુંડ પાસે શ્રી નરેન્દ્ર, શ્રી ડો. રાઠોડ, શ્રી ભરતભાઈ આશા



નૈમિષારણ્ય-સુત ગાદી વ્યાસપીઠ, અક્ષયવડ પાસે શ્રી ભરતભાઈ આશા, ડો. રાઠોડ



નૈમિષારણ્ય - દધિચી આશ્રમ નૈમિષારણ્ય ખાતે યાત્રાળુઓ



અયોધ્યા-કનક ભવન ખાતે બગીચાભાઈ વિનુભાઈ પરમાર ડો. રાઠોડ, જંયતિભાઈ મજીઠીયા (વૈભવ) અને શ્રી નરેન્દ્ર દવે



છપૈયા-ઘનશ્યામ મહારાજ સ્વામી સહજાનંદ સ્વામીનું જન્મસ્થળ મંદિર



અયોધ્યા-લતા મંગેશખર ચોકમાં ડો. રાઠોડ



સરયુ ઘાટ- રામગીરી પૈરી અયોધ્યા-ડો. રાઠોડ



અયોધ્યા દર્શન રામધનુષ પાસે ડો. રાઠોડ



અયોધ્યા-સુરજકંડ ડો. રાઠોડ

# તારીખ ૨૨/૨/૨૦૨૬ ના રોજ ધારીયા પરમાર દ્વારા યોજાયેલ વઢવાણમાં યોજાયેલ ભવ્ય કાર્યક્રમ

દર વર્ષની જેમ આ વર્ષે પણ ધારીયા પરમાર પરિવાર દ્વારા વિદ્યાર્થીઓનો ઇનામ વિતરણ કાર્યક્રમ જુની ભોજનશાળામાં યોજાયો હતો. જેમાં ૫૦ કરતા વધારે વિદ્યાર્થીઓને ધારીયા પરમાર પરિવારના દાતાશ્રી તેમ જ આગેવાન શ્રી દ્વારા ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ધારીયા પરમાર પરિવારના નવ નિયુકત સરકારી કર્મચારીનું સન્માન કરવામાં આવ્યું તથા જે રીટાયર્ડ થયા તેમનું પણ આ સાથે સન્માન કાર્યક્રમમાં કરવામાં આવ્યું હતું. પરમાર ધારિયા પરિવારનું સમૂહ ભોજનનું આયોજન કરેલ જેમાં ૨૦૦૦ લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

ધારિયા પરમારની ગોઠીની અંદર વડીલો, આગેવાનો, બહેનો, ભાઈઓ, બાળકો હર્ષ ઉલ્લાસ સાથે ઇનામ વિતરણમાં ભાગ લીધો હતો. સવારે ૯-૦૦ કલાક થી બપોરે ૩-૦૦ સુધી ધોરણ ૫ થી ૧૨ સુધીના તૃતીય ઇનામ વિતરણ સમારોહમાં ધારિયા પરમાર પરિવારના ઇનામમાં દાતાશ્રી શ્રી મનસુખભાઈ ભગવાનભાઈ,શ્રી હેમુભાઈ ઓઘાભાઈ, શ્રી વેલશીભાઈ મોહનભાઈ, શ્રી અતુલભાઈ અમૃતભાઈ (સંગીતાબેન) શ્રી ધીરૂભાઈ શાંતીલાલ, શ્રી મહાદેવભાઈ રણછોડભાઈ, શ્રી જગદીશભાઈ લક્ષ્મણભાઈ, શ્રી મુકેશભાઈ ભગવાનભાઈ, શ્રી ભગવાનભાઈ શામજીભાઈ (એન્જીનીયર), શ્રી જયેશભાઈ છગનભાઈ (લિંબડી), શ્રી ગણપતભાઈ દયારામભાઈ , શ્રી ભરતભાઈ ગોવિંદભાઈ, શ્રી રમેશભાઈ રતિલાલ (લિંબડી), શ્રી મનસુખભાઈ નાનુભાઈ, શ્રી ગોવિંદભાઈ મકનભાઈ, શ્રી હિતેશભાઈ મનુભાઈ (ગીતાબેન) અમદાવાદ, શ્રી સુર્યકાંતભાઈ છગનભાઈ અમદાવાદ, શ્રી વિનોદભાઈ છગનભાઈ અમદાવાદ, શ્રી કાંતીભાઈ રાજાભાઈ માસ્તર, શ્રી સિદ્ધિ વિનાયક કન્સ્ટ્રકશન શ્રી પ્રવિણભાઈ- શ્રી કુબેરભાઈ તરફથી શિલ્ડ આપવામાં આવ્યા હતા. આ બધા દાતા ધારિયા પરમાર ગોઠી તરફથી

## શ્રી આધાશક્તિ માતાજીના મઠ, વઢવાણ દ્વારા તૃતિય ઇનામ વિતરણ પ્રસંગે પ્રથમ તથા દ્વિતીય નંબર મેળવનાર વિદ્યાર્થીની યાદી - ૨૦૨૪-૨૫

| ધોરણ | ક્રમાંક | વિદ્યાર્થીનું પુરૂ નામ | કુલ ગુણ | મેળવેલ ગુણ | મેળવેલ ટકા | ઇનામની વસ્તુ | ઇનામ આપનાર નું નામ |
|---|---|---|---|---|---|---|---|
| ધોરણ-૫ | પ્રથમ | પરમાર મીરા કિરીટભાઈ | ૧૭૦૦ | ૧૬૮૩ | ૯૯.૧૪ | | |
| બહેનો | દ્વિતીય | પરમાર કાવ્યા સંજયભાઈ | ૧૨૦૦ | ૧૧૬૬ | ૯૭.૧૭ | | |
| ધોરણ-૫ | પ્રથમ | પરમાર શુભમ શૈલેષભાઈ | ૧૭૦૦ | ૧૬૮૪ | ૯૯.૦૦ | | |
| ભાઈઓ | દ્વિતીય | પરમાર મીત જયેશભાઈ | ૧૪૦૦ | ૧૩૫૪ | ૯૬.૭૧ | | |
| ધોરણ -૬ | પ્રથમ | પરમાર કૌશિક સંજયભાઈ | ૧૮૦૦ | ૧૭૪૭ | ૯૭.૦૬ | | |
| ભાઈઓ | દ્વિતીય | પરમાર કુલદીપ જીતેન્દ્રભાઈ | ૧૮૦૦ | ૧૭૨૫ | ૯૫.૮૩ | | |
| ધોરણ-૬ | પ્રથમ | ધારીયા પરમાર જાનવી ભરતભાઈ | ૧૪૦૦ | ૧૩૯૩ | ૯૯.૫૦ | | |
| બહેનો | દ્વિતીય | પરમાર મીતલ અશોકભાઈ | ૨૧૦૦ | ૨૦૪૯ | ૯૮.૩૯ | | |
| ધોરણ -૭ | પ્રથમ | પરમાર મીત વિનેશભાઈ | ૨૧૦૦ | ૨૦૬૨ | ૯૯.૭૮ | | |
| ભાઈઓ | દ્વિતીય | પરમાર પાર્થ દલસુખભાઈ | ૧૮૦૦ | ૧૭૧૨ | ૯૫.૧૧ | | |
| ધોરણ -૭ | પ્રથમ | પરમાર નેલ્વી દેવાંશભાઈ | ૨૨૦૦ | ૨૦૩૪ | ૯૧.૬૭ | | |
| બહેનો | દ્વિતીય | પરમાર આરતી વિજયભાઈ | ૧૮૦૦ | ૧૬૪૪ | ૯૧.૩૩ | | |
| ધોરણ- ૮ | પ્રથમ | પરમાર મોહનભાઈ મનજીભાઈ | ૧૮૦૦ | ૧૭૯૩ | ૯૯.૬૧ | | |
| ભાઈઓ | દ્વિતીય | પરમાર દિક્ષિત શૈલેષભાઈ | ૨૧૦૦ | ૨૦૮૩ | ૯૯.૨૯ | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ધોરણ-૮ | પ્રથમ | પરમાર દિવ્યા વિનેશભાઈ | ૨૧૦૦ | ૨૦૮૨ | ૯૯.૩૯ |
| બહેનો - | દ્વિતીય | પરમાર પ્રિયંકા મહેન્દ્રભાઈ | ૧૮૦૦ | ૧૭૬૪ | ૯૮.૦૦ |
| ધોરણ -૯ | પ્રથમ | પરમાર પાર્થ નરેન્દ્રભાઈ | ૭૦૦ | ૬૫૪ | ૯૩.૪૩ |
| ભાઈઓ | દ્વિતીય | પરમાર યશ મેરૂભાઈ | ૭૦૦ | ૬૩૯ | ૯૧.૨૯ |
| ધોરણ-૯ | પ્રથમ | પરમાર જાનવી કાન્તીભાઈ | ૭૦૦ | ૬૪૯ | ૯૨.૭૧ |
| બહેનો - | દ્વિતીય | પરમાર માનસી ચંદુભાઈ | ૭૦૦ | ૬૩૬ | ૯૦.૮૬ |
| ધોરણ-૧૦ | પ્રથમ | પરમાર હિતાંષુ રાજેશભાઈ | ૬૦૦ | ૫૭૪ | ૯૫.૬૭ |
| ભાઈઓ | દ્વિતીય | પરમાર ઉત્તમભાઈ અમૃતભાઈ | ૬૦૦ | ૫૬૦ | ૯૩.૩૩ |
| ધોરણ -૧૦ | પ્રથમ | પરમાર ડિમ્પલ શૈલેષભાઈ | ૬૦૦ | ૫૮૪ | ૯૭.૩૩ |
| બહેનો- | દ્વિતીય | પરમાર ધ્રુવીબેન હરેશભાઈ | ૬૦૦ | ૫૬૧ | ૯૩.૫૦ |
| ધોરણ-૧૧ | પ્રથમ | પરમાર રોહિત ભરતભાઈ | ૭૦૦ | ૫૭૭ | ૮૨.૪૩ |
| સા. પ્રવાહ | દ્વિતીય | પરમાર અક્ષય અમૃતભાઈ | ૭૦૦ | ૫૬૦ | ૮૦.૦૦ |
| ભાઈઓ | | | | | |
| ધોરણ-૧૧ | પ્રથમ | પરમાર તેજસ્વીનીબેન આકાશભાઈ | ૭૦૦ | ૬૯૨ | ૯૮.૮૬ |
| સા.પ્રવાહ | | | | | |
| બહેનો | દ્વિતીય | પરમાર મિતાલી જયેશભાઈ | ૭૦૦ | ૬૨૫ | ૮૯.૨૯ |
| ધોરણ-૧૧ | પ્રથમ | ધારિયા પરમાર દક્ષ ભરતભાઈ | ૫૦૦ | ૪૮૫ | ૯૭.૦૦ |
| વિ.પ્રવાહ | | | | | |
| ભાઈઓ | દ્વિતીય | પરમાર ધાર્મિક અજીતભાઈ | ૬૫૦ | ૫૬૦ | ૮૬.૧૫ |
| ધોરણ-૧૧ | પ્રથમ | પરમાર પ્રિયાંશી હરેશભાઈ | ૬૫૦ | ૫૭૨ | ૮૮.૦૦ |
| વિ.પ્રવાહ | | | | | |
| બહેનો | દ્વિતીય | પરમાર માધવી પ્રતાપભાઈ | ૬૦૦ | ૫૦૮ | ૮૪.૬૭ |
| ધોરણ-૧૨ | પ્રથમ | પરમાર રવિ પ્રકાશભાઈ | ૭૦૦ | ૬૧૦ | ૮૭.૧૪ |
| સા.પ્રવાહ | | | | | |
| ભાઈઓ | દ્વિતીય | પરમાર ધવલ ભરતભાઈ | ૭૦૦ | ૫૯૬ | ૮૫.૧૪ |
| ધોરણ-૧૨ | પ્રથમ | પરમાર માનશી મહેશભાઈ | ૭૦૦ | ૬૩૧ | ૯૦.૧૪ |
| સા.પ્રવાહ | | | | | |
| બહેનો | દ્વિતીય | પરમાર અર્પિતા પુનેશભાઈ | ૭૦૦ | ૬૨૭ | ૮૯.૫૭ |
| ધોરણ-૧૨ | પ્રથમ | પરમાર ભાર્ગવ દિલીપભાઈ | ૬૦૦ | ૪૭૪ | ૭૯.૦૦ |
| વિ.પ્રવાહ | | | | | |
| ભાઈઓ | દ્વિતીય | પરમાર પાર્થ મેરૂભાઈ | ૬૫૦ | ૪૯૫ | ૭૬.૧૫ |
| ધોરણ-૧૨ | પ્રથમ | પરમાર માનશીબેન મનજીભાઈ | ૬૫૦ | ૫૭૫ | ૮૮.૪૬ |
| વિ.પ્રવાહ | | | | | |
| બહેનો | દ્વિતીય | કૃપાલીબેન લક્ષ્મણભાઈ | ૬૦૦ | ૪૪૬ | ૭૪.૩૩ |

**સંકલન : સવજીભાઈ બી. ધારિયા પરમાર અમદાવાદ**


ગીતાંજલી





































# શ્રી સિદ્ધનાથ સતવારા (દલવાડી) સમાજ, ભુજ-કચ્છ ટ્રસ્ટની રચના કરવામાંઆવી તથા તેના હોદ્દેદારોની નિમણૂંક નીચે મુજબ કરવામાં આવી



**પ્રમુખ**
**શ્રી હિરેનભાઈ ભાણજીભાઈ રાઠોડ**



**ઉપ પ્રમુખ**
**શ્રી ઉમેશભાઈ રમેશચંદ્ર ચૌહાણ**



**મંત્રી**
**શ્રી નરશીભાઈ હિરાભાઈ સોનગરા**



**સહમંત્રી**
**શ્રી નયનભાઈ  જેરામભાઈ પરમાર**



**ખજાનચી**
**શ્રી જયંતીભાઈ રણછોડભાઈ નકુમ**



**સહ ખજાનચી**
**શ્રી યોગેશભાઈ રવજીભાઈ નકુમ**

કચ્છ બહારથી આવેલા અને ભૂજમાં સ્થાયી થયેલા સતવારા (દલવાડી) સમાજની એકતા તથા સમાજના લોકો એકબીજા સાથે જોડાયેલા રહે તે હેતુથી ગત વર્ષે શ્રી સિદ્ધનાથ સતવારા (દલવાડી) સમાજ-ભૂજની રચના કરવામાં આવી હતી. સમાજના સર્વાંગી વિકાસ તેમજ અન્ય કામગીરી સુચારૂ રૂપે થઈ શકે તે હેતુથી શ્રી સિદ્ધનાથ સતવારા (દલવાડી) સમાજ ટ્રસ્ટ-ભુજનું ટ્રસ્ટ નંબર 'એ-૨૭૧૬/કચ્છ'થી રજીસ્ટ્રેશન કરી રચના કરવામાં આવી છે. જેમાં ટ્રસ્ટીઓમાં પ્રમુખ તરીકે શ્રી હિરેનભાઈ ભાણજીભાઈ રાઠોડ (વતન જામનગર), ઉપપ્રમુખ શ્રી ઉમેશભાઈ રમેશચંદ્ર ચૌહાણ (વતન લીંબડી,જી સુરેન્દ્રનગર), મંત્રી શ્રી નરશીભાઈ હીરાભાઈ સોનગરા (વતન-ભાટીયા, દેવભૂમિ દ્વારકા), સહમંત્રી શ્રી નયનભાઈ જેરામભાઈ પરમાર (વતન - હરિપર, જી. દેવભૂમિ દ્વારકા), ખજાનચી શ્રી જયંતીભાઈ રણછોડભાઈ નકુમ (વતન- ગોકુળપર, જી.દેવભૂમિ દ્વારકા) તેમજ સહખજાનચી શ્રી યોગેશભાઈ રવજીભાઈ નકુમ (વતન - ધ્રોલ, જી. જામનગર) ની નિમણૂંક કરવામાં આવી છે. આ સંદર્ભે સમાજના પ્રમુખશ્રી હિરેનભાઈ રાઠોડ તથા ઉપપ્રમુખશ્રી સંજયભાઈ ડુમાણિયાએ નવનિયુકત હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી હતી. કચ્છ હવે પ્રવાસન સ્થળ સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત બન્યું છે. સમગ્ર વિશ્વમાંથી લોકો અહીં આવે છે આપણાં સમાજના ઘણા યુવાનો કચ્છમાં નોકરી -ધંધાર્થે આવી રહ્યા છે કચ્છમાં આવતા આપણાં સમાજના જ્ઞાતિબંધુઓને કોઈપણ કામ હોય તો અમારો સંપર્ક કરી શકે છે.  સંપર્ક નીચે મુજબ છે

**સંપર્ક : શ્રી હિરેનભાઈ રાઠોડ (પ્રમુખ) મો. ૮૮૬૬૨ ૩૫૫૫૨**
**શ્રી ઉમેશભાઈ ચૌહાણ (ઉપપ્રમુખ) મો. ૯૪૨૯૮ ૯૬૬૧૩**
**શ્રી નરશીભાઈ સોનગરા  (મંત્રી) મો. ૯૯૨૫૨ ૦૪૩૭૫**

# ડો. જીગ્નેશ આર. ચૌહાણ

M.S. (Gynec), F.M.A.S

સ્ત્રીરોગ નિષ્ણાંત



# શ્રીજીસત્વ

# ગાયનોકેર હોસ્પિટલ

- દુરબીન (લેપ્રોસ્કોપી) વડે ગર્ભાશયને લગતા તમામ ઓપરેશન
- દુઃખાવા રહીત તથા જોખમી ડિલીવરી, સિઝેરિયન ડિલીવરીની સુવિધા
- વ્યંધત્વ / ઈન્ફર્ટીલીટીની સારવાર
- 3D / 4D સોનોગ્રાફીની સુવિધા
- ટેસ્ટ ટયુબ બેબી *(IVF)* ની સારવાર
- *AC VIP Suit* રૂમ, *AC* ડીલક્ષ રૂમ અને *AC* સ્પેશિયલ રૂમ, સેમી સ્પેશિયલ રૂમ, જનરલ રૂમ

જીનતાન રોડ, મિલન સિનેમા પાસે, સુરેન્દ્રનગર.

મો. ૮૨૦૦૭ ૬૫૨૯૪, ૯૪૦૯૯ ૧૧૦૦૮

POSTED AT RMS SURENDRANAGAR 8th EVERY MONTH RNI-GUJ.GUJ/2001/5150
SATWARA DARPAN DATE OF PUBLICATION 8th EVERY MONTH **G/SEN./265/2024-2026**


LAVANYA
—MULTISPECIALITY DENTAL CLINIC—

# લાવણ્ય મલ્ટીસ્પેશ્યાલીટી
## ડેન્ટલ ક્લિનિક & ઈમ્પ્લાન્ટ સેન્ટર

ડૉ. ચિરાગ વી. મકવાણા (M.D.S. Orthodontics) ડૉ. નિકીતા આર. કણઝારીયા (M.D.S. Orthodontics)
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ • સાંજે ૫:૦૦ થી ૮:૦૦ • (મો.) ૮૮૬૬૭૦૩૦૩૪, ૯૯૨૫૨૪૭૦૬૯
૪-૫, પહેલા માળે, સનરાઈઝ એવન્યુ, વેદાંત હોસ્પિટલની સામે, મેટ્રો પીલ્લર નં. ૨૦૫ પાસે, નવરંગપુરા, અમદાવાદ.

સૌજન્ય : વિનોદભાઈ સી. મકવાણા



સ્કેનરની મદદથી દાંતની ચકાસણી કરી આધુનિક પદ્ધતિથી વાંકાચુકા દાંતને બ્રેસીસ (વાયર) બાંધ્યા સિવાય દાંતને સીધા કરવાની સારવાર જ્ઞાતિબંધુ માટે રાહતદરે આધુનીક સારવાર આપવામાં આવશે.



## લાવણ્ય
### મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લિનિક

ઉપલબ્ધ સારવાર - TREATMENT AVAILABLE

- વાંકા-ચૂંકા તથા આગળ પડતા દાંતની સારવાર
  Orthodontic Metal, Ceramic braces & alginers
- દાંતમાં ચાંદી, સિમેન્ટ, દાંતની કેપ તથા દાંતના કલરના મટીરીયલ પુરવાની સારવાર
  Silver, Cement4 Crown & Bridge & Cosmetic Dentistry
- દાંત બચાવવા મૂળીયાની સારવાર
  Root Canal Treatment
- દાંતના ફિક્સ તથા નીકળી શકે તેવા ચોકઠા
  Fixed & Removable Denture
- દાંતની સફાઈ તથા દાંતને સફેદ કરવાની સારવાર
  Scaling & Bleaching
- ડાહપણની દાઢ કાઢવાની સારવાર
  Wisdom Tooth Removal
- પેઢાના રોગોની સારવાર
  Pyorrhea
- ઈમ્પ્લાન્ટ દ્વારા દાંત બેસાડવાની સારવાર
  Full Mouth rehabilitation
- બાળકોના દાંતના તમામ રોગોની સારવાર
  Pediatric Dentistry


## જાહેરાતના દર

| ક્રમ. | વિગત | ત્રિમાસિક | વાર્ષિક |
|---|---|---|---|
| (૧) | ૧/૪ પાનાની જાહેરાત | ૧૫૦૦ | ૩૦૦૦ |
| (૨) | અડધા પાનાની જાહેરાત | ૩૦૦૦ | ૬૦૦૦ |
| (૩) | આખા પાનાની જાહેરાત | ૬૦૦૦ | ૧૦,૦૦૦ |
| (૪) | મુખ પૃષ્ઠની પાછળનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૫) | છેલ્લેથી અંદરનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૬) | છેલ્લે અડધું પાનું | ----- | ૧૫,૦૦૦ |

To, ............................................................

............................................................

............................................................

............................................................

**નકલ રવાના :**
રમણભાઈ સી. મકવાણા
૨, વાસુદેવ નગર, ગીરધરનગર, ઓવરબ્રીજ પાસે,
વંદના સ્કુલની બાજુમાં, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦૦૦૪, મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧


પ્રકાશક : શ્રી સમસ્ત સતવારા મહામંડળ (રજી. નં. ઈ-૮૪૮૯ તા. ૩-૧૦-૯૧) વતી માનદ્ તંત્રી શ્રી કાંતીભાઇ આર. પરમારે પ્રસિધ્ધ કર્યુ. મુદ્રક : ''પૂજા ગ્રાફિક એન્ડ પ્રિન્ટસ્'' - સુરેન્દ્રનગર. દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.